RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 58, Dt.18-05-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સોના-ચાંદીમાં રેકોર્ડબ્રેક તેજીઃ ભાવો આસમાને



## ચાંદી પ્રથમવાર ૯૨ હજારને પાર, સોનાની કિંમતમાં પણ રૂા.૮૦૦નો ઉછાળોઃ સોના-ચાંદીના ભાવમાં રેકોર્ડબ્રેક તેજીથી ઝવેરી બજાર સ્તબ્ધઃ વિશ્વ બજારમાં આવેલી તેજીની અસર જોવા મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોના-ચાંદીના ભાવોમાં રેકોર્ડબ્રેક તેજી સર્જાયા બાદ થોડા દિવસ સ્થિર બન્યા હતા પરંતુ હવે એકાએક ફરી વખત ઉથલો માર્યો હોય એમ અભુતપૂર્વ તેજી નોંધાઇ હતી. ચાંદીનો ભાવ ૯૨,૦૦૦ની સપાટી કૂદાવી ગયો હતો જયારે સોનુ ૭૬,૦૦૦ને પાર થઇ ગયું હતું.

રાજકોટમાં સોનાનો ભાવ ૭૬૫૦૦ના સ્તરે પહોંચી ગયો હતો. ગઇકાલે એક જ દિવસમાં ૭૦૦થી વધુ રૂપિયાનો ઉછાળો નોંધાયો હતો. વિશ્વસ્તરે જબરદસ્ત તેજી થઇ હતી. આંતરરાષ્ટ્રીય ભાવ ૨૪૦૦ ડોલરને વટાવીને ૨૪૧૩ ડોલર સાંપડયો હતો.

રાજકોટમાં હાજર ચાંદી ૯૨૫૦૦ થઇ હતી. ગઇકાલે બપોરે ૮૯૦૦૦નો ભાવ હતો. બપોર બાદ એકાએક મોટી તેજી થઇ હતી. એક જ દિવસમાં ૪૦૦૦ રૂપિયાથી વધુનો ભાવ વધારો થયો હતો. વિશ્વબજારમાં ચાંદી ૩૧.૭૭ ડોલર થઇ હતી. કોમોડીટી એકસચેંજમાં સોનાનો ભાવ ૭૩૭૫૦ તથા ચાંદીનો ભાવ ૯૧૧૫૦ સાંપડયો હતો.

ઝવેરી બજારમાં વેપારીઓના કહેવા પ્રમાણે સોનામાં તો અગાઉ પણ મોટી તેજી જોવા મળી હતી. પરંતુ ચાંદીની આ અભુતપૂર્વ તેજીથી માર્કેટમાં પણ સ્તબ્ધતા છવાઇ ગઇ હતી. ચાંદીમાં જંગી વેપાર થતા હોય છે અને મીનીટે મીનીટે ભાવમાં મોટો બદલાવ થતો હોવાના કારણે વેપાર પણ અટકી ગયા હોય તેવી હાલત સર્જાઇ હતી.

પ્રથમ વખત ચાંદીનો ભાવ ૯૦૦૦૦ની સપાટીને પાર કરી ગયો છે. આ તેજી પાછળ અનેક કારણો દર્શાવવામાં આવી રહ્યા છે. ઇલેકટ્રીક વ્હીકલ તથા સોલાર પેનલના યુગમાં ચાંદીનો ઔદ્યોગિક વપરાશ વધી ગયો છે. આ બંને ક્ષેત્રમાં ચાંદીનો નોંધપાત્ર વપરાશ થતો હોય છે. આવતો સમય ઇલેકટ્રીક વાહનોનો ગણાય છે. તે સંજોગોમાં ચાંદીની ડિમાન્ડ વધતી રહેવાના આશાવાદથી જોરદાર તેજી થઇ છે. આ સિવાય વૈશ્વિક કારણો પણ જવાબદાર રહ્યા છે.

અમેરિકામાં મોંઘવારી ધીમી પડતા આવતા દિવસોમાં વ્યાજદર ઘટવાની ગણતરી વ્યકત થઇ રહી છે તેના કારણે ભાવ વધારો થવા લાગ્યો છે. બુલીયન માર્કેટના નિષ્ણાંતો ઘણા લાંબા વખતથી સોના-ચાંદીમાં મોટી તેજી થવાની અપેક્ષા રાખી જ રહ્યા હતા.સ્ત્રસ્ત્ર

સોનાની તેજી પાછળ અમેરિકાનો વ્યાજદર ઘટાડો ઉપરાંત ભારત સહિતના દેશોની સેન્ટ્રલ બેંકો દ્વારા લાંબા વખત થઇ રહેલી જંગી ખરીદી પણ જવાબદાર ગણવામાં આવી રહી છે. રીઝર્વ બેંકના તાજેતરના રીપોર્ટમાં એમ દર્શાવવામાં આવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં રીઝર્વ બેંક પાસે સોનાનો સ્ટોક ૪૦ ટકા વધ્યો છે. તેના આધારે જ સેન્ટ્રલ બેંકો દ્વારા થતી સોનાની ખરીદીનો અંદાજ નીકળી જાય છે.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ચાંદીનો ભાવ હવે ટુંકાગાળામાં ૧,૦૦,૦૦૦ની સપાટીએ આંબી જવાની શકયતા છે. આ જ રીતે સોનાનો ભાવ પણ રૂા.૮૦,૦૦૦ને પાર થઇ શકે છે. વિશ્વસ્તરે ભૌગોલિક ટેન્શન ઉપરાંત અર્થતંત્રમાં થઇ રહેલા મોટા બદલાવ જેવા કારણો બંને કિંમતી ચીજોમાં તેજી આગળ ધપાવી શકે છે. સોનાના ધરખમ ઉંચા ભાવને કારણે રીટેલ માર્કેટમાં કેટલાક વખતથી ખરીદીને મોટો ફટકો પડયો જ છે. ભાવ વધારાનો દૌર ચાલુ રહેવાના સંજોગોમાં આવતા સમયમાં ડિમાન્ડને વધુ ઝટકો લાગી શકે છે.

# હરિયાણામાં બસ સળગી ઉઠતાં ૮ યાત્રાળુઓ જીવતા ભડથુ થયા

## ૨૪ મુસાફરો ઘાયલઃ બસમાં આગ લાગવાનું કારણ અકબંધઃ મથુરા-વૃંદાવનથી પરત ફરતી વખતે બની દુર્ઘટના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હરિયાણામાં ગઈ મોડી રાત્રે કુંડલી-માનેસર-પલવલ એક્સપ્રેસવે પર નુહના તાવડુ ખાતે શ્રદ્ધાળુથી ભરેલી બસમાં લગભગ ૧.૩૦ વાગ્યાની આસપાસ આગ ભભૂકી ઊઠી હતી. જોત જોતામાં બસમા લાગેલી આગ વિકરાળ બની હતી. ભીષણ આગ લાગતા બસમા સવાર મુસાફરોને બહાર નીકળવાનો પણ સમય મળ્યો નહી. ભીષણ આગમાં ૧૦ લોકો જીવતા ભડથું થઈ ગયા હતા, જ્યારે ૨૫થી વધુ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા.

ઘાયલોએ જણાવ્યું કે બસમાં ૬૦ લોકો સવાર હતા. આ તમામ શ્રદ્ધાળુ સગા-સંબંધી હતા અને પંજાબ-ચંદીગઢના રહેવાસી છે. તેઓ મથુરા-વૃંદાવનની મુલાકાત લઈને પરત ફરી રહ્યા હતા. ચાલુ બસમાં જ્વાળાઓ જોતા સ્થાનિક લોકોએ પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. લોકોએ પણ આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો.



ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

તાવડુ ગામના કેટલાક રહેવાસીઓએ જણાવ્યું કે જ્યારે તેઓએ બસને આગ લાગતી જોઈ ત્યારે તેઓએ ડ્રાઈવરને બોલાવીને તેને રોકવા માટે કહ્યું, પરંતુ બસ ઉભી રહી ન હતી. ત્યારબાદ બાઈક દોડાવીને બસનો પીછો કર્યો અને ડ્રાઈવરને જાણ કરી. ત્યાં સુધીમાં આગ ખૂબ ફેલાઈ ગઈ હતી.

ગ્રામજનોનું કહેવું છે કે તેઓએ પોતાની રીતે આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસને પણ માહિતી આપવામાં આવી હતી. ત્યાં સુધીમાં ઘણા લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમાંથી ૮ લોકો મૃત્યુ પામ્યા હતા. દાઝી ગયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત બાદ પોલીસ અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઘાયલોને મેડિકલ કોલેજ, નલ્હાર લઈ ગયા હતા. હોશિયારપુરની રહેવાસી પાયલ શર્માએ સ્વીકાર્યું કે રાતના લગભગ ૨ વાગ્યા હતા. બસમાં મુસાફરી કરી રહેલા મોટાભાગના લોકો સૂઈ ગયા હતા. બસમાં અચાનક આગ લાગી હતી.

બધા બૂમો પાડવા લાગ્યા અને બસના દરવાજા પાસે પહોંચ્યા તો બસનો દરવાજો બહારથી બંધ હતો. આ પછી બસમાં અફરાતફરી મચી ગઈ હતી. કોઈક રીતે લોકો બારીનો કાચ તોડી કૂદી પડ્યા હતા.

# અમદાવાદ-વડોદરામાં 30 સ્થળે આવકવેરા ખાતુ ત્રાટકયુ: વહેલી સવારથી જ કાર્યવાહી શરૂ કરાઈ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

લોકસભાની ચૂંટણીને કારણે લાંબા સમયથી કોઇ કાર્યવાહીથી દુર રહેનાર આવકવેરા ખાતાએ હવે આળસ ખંખેરી નવેસરથી ઓપરેશન શરૂ કર્યુ છે.

આજે વ્હેલી સવારથી આવકવેરા ખાતાના અધિકારીઓએ અમદાવાદ અને વડોદરામાં કુલ ૩૦ જેટલા સ્થળોએ મોટા પાયે ઓપરેશન હાથ ધર્યુ હોવાનું જાણવા મળે છે.

આયકર વિભાગે જે ગ્રૃપને સાણસામાં લીધેલ છે તેનું નામ ખુરાના ગ્રુપ છે આ ઉપરાંત સરકારી કોન્ટ્રાકટરો અને બિલ્ડરોને ત્યાં પણ દરોડાની કાર્યવાહી હાથ ધરતા બિલ્ડર લોબીમાં ફફડાટ મચી જવા પામ્યો છે. આવકવેરા ખાતાએ ઓફિસો - રહેણાંક ગોડાઉનો સહિત ૩૦ જેટલા સ્થળોએ કાર્યવાહી હાથ ધરી છે જે દરમ્યાન મોટા પાયે કરચોરી પકડાવાની શકયતા વ્યકત થઇ છે એટલું જ નહિ કરોડોનો દલ્લો મળે તેવી પણ શકયતા છે. આવકવેરા ખાતાના દરોડા મોડી સાંજ સુધી ચાલુ રહે તેવી શકયતા હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. આયકર વિભાગે લાંબા સમયે ઓપરેશન હાથ ધરતા હવે કોનો વારો હશે તેની અટકળો પણ વ્હેતી થઇ છે.

અમદાવાદ અને વડોદરામાં ખુરાના ગ્રુપ તેમજ માધવ કન્સ્ટ્રકશન ઉપર ઇન્કમટેક્સ ત્રાટકયુ છે. વડોદરાના ખુરાના ગ્રુપના અશોક ખુરાના સહિતના ભાગીદારોને ત્યાં ઇન્કમટેક્સ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.અમદાવાદમાં પણ માધવ કન્સ્ટ્રક્શનના સુધીર ખુરાના, વિક્રમ ખુરાના અને આશિષ ખુરાનાને ત્યાં પણ ઇન્કમટેક્સે તવાઇ બોલાવી છે. અમદાવાદ અને વડોદરા મળીને કૂલ ૨૭ જગ્યાએ ઇન્કમટેક્સ દ્વારા દરોડા અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ અને વડોદરામાં મોટા પાયે ઇન્કમટેક્સના સર્ચ ઓપરેશનમાં બેનામી સંપત્તિ મળે તેવી શકયતા છે. ઇન્કમટેક્સની સર્ચ ઓપરેશનની કામગીરીને કારણે રાજ્યમાં કન્સ્ટ્રક્શન સાઇટ ધરાવતા બિલ્ડરોમાં ફફડાટ વ્યાપી ગયો છે,




# શેરબજારનો સેન્સેકસ ૭૪૦૦૦ની સપાટીએ આંબ્યોઃ હેવીવેઈટ અને રોકડા શેરોમાં ઓલરાઉન્ડ લેવલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શેરબજારમાં તેજીનો નવો દૌર હોય તેમ આજે પણ ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સ ૭૪૦૦૦ની સપાટીને પાર કરીને પાછો ફર્યો હતો. શેરબજારની આજે શરૂઆત તેજીના ટોને થઇ હતી વિશ્વબજારમાં ઉછાળો હોવાથી સંગીન પડઘો પડ્યો હતો. ખાસ કરીને અમેરિકામાં ડાઉજોન્સ ઇતિહાસમાં પ્રથમ વખત ૪૦૦૦૦ની સપાટીને પાર કરી ગયો હોવાથી સારી અસર થઇ હતી.

અમેરિકામાં મોંઘવારી હળવી થતાં આવતા સમયમાં વ્યાજદર ઘટવાનું શરુ થવાના સંકેતોથી જોરદાર તેજી થઇ હતી. જો કે ડાઉજોન્સ ૪૦૦૦૦ ક્રોસ કરી ગયા બાદ પાછો પડ્યો હતો અને મામુલી ઘટાડો સુચવતો હતો જાણીતા શેર બ્રોકરોના કહેવા પ્રમાણે વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલી ધીમી પડતા અને સ્વદેશી ફંડો જંગી રોકાણ ઠાલવતા હોવાથી માર્કેટમાં દબાણ વર્તાતું નથી.

સારી અસર પડી રહી છે ચૂંટણીમાં મોદી સરકારની જીત થવાનો આશાવાદ પણ દ્રઢ બનતો હોવાથી તેજીને ટેકો મળતો રહ્યો છે. ચૂંટણી પરિણામોને હવે એકાદ અઠવાડિયાની વાર છે તે પૂર્વે માર્કેટ કેવું રહે છે તેના પર નજર રાખવામાં આવી રહી છે.



# ADRની અરજી પર SCAએ EC પાસે જવાબ માંગ્યોઃ ચૂંટણી પંચ ૪૮ કલાકમાં મતદાનની ટકાવારી જાહેર કરેઃ NGOઓએ તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે શુક્રવારે (૧૭ મે) સાંજે ૬.૩૦ વાગ્યે એક NGO એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી હતી, જેમાં ૪૮ કલાકની અંદર મતદાનની ટકાવારીનો ડેટા વેબસાઇટ પર અપલોડ કરવાની માંગણી કરવામાં આવી હતી. NGOએ આ અંગે તાત્કાલિક સુનાવણીની માગ કરી હતી.

આજની સુનાવણી બાદ CJI ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે ૪૮ કલાકની અંદર વેબસાઈટ પર વોટિંગ ટકાવારીના ડેટા અપલોડ કરવાની માગ પર ચૂંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો છે.



બેન્ચે આ માટે કમિશનને એક સપ્તાહનો સમય આપ્યો છે.

CJIએ કહ્યું કે ચૂંટણી પંચને અરજીનો જવાબ આપવા માટે વ્યાજબી સમય આપવો જોઈએ. લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાના મતદાનના એક દિવસ પહેલા ૨૪ મેના રોજ ઉનાળાના વેકેશન દરમિયાન યોગ્ય બેંચ સમક્ષ સુનાવણી માટે તેને સૂચિબદ્ધ કરવું જોઈએ.

ગયા અઠવાડિયે, ADRએ તેની ૨૦૧૯ PILમાં એક વચગાળાની અરજી કરી હતી જેમાં ચૂંટણી પેનલને નિર્દેશ આપવાની માગ કરવામાં આવી હતી કે તમામ મતદાન કેન્દ્રોના ફોર્મ 17 C ભાગ-૧ (રેકોર્ડ થયેલા મતોનું એકાઉન્ટ) ની સ્કેન કરેલી નકલ મતદાન પછી તરત જ અપલોડ કરવામાં આવે.

NGOએ દલીલ કરી હતી કે ચૂંટણીની અનિયમિતતાઓ લોકશાહી પ્રક્રિયાને અસર ન કરે તે સુનિશ્ચિત કરવા માટે અરજી દાખલ કરવામાં આવી હતી. NGO વતી એડવોકેટ પ્રશાંત ભૂષણે આ મામલે તાત્કાલિક સુનાવણીની માગ કરી હતી.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે પંચે પ્રથમ બે તબક્કાના મતદાનના આંકડા મોડા જાહેર કર્યા. આ ડેટા પહેલા તબક્કાના મતદાનના ૧૧ દિવસ પછી અને બીજા તબક્કાના મતદાનના ૪ દિવસ પછી બહાર આવ્યો છે. ફાઇનલ વોટર ટર્નઆઉટ જાહેર કરવામાં વિલંબ અને મતદાન પેનલની પ્રેસ નોટમાં ૫% થી વધુની વિસંગતતાએ તેની ચોકસાઈ પર ચિંતા અને શંકાઓ ઊભી કરી છે.

વોટર ટર્નઆઉટ જાહેર ન થવાને કારણે તેમજ પડેલા મતોના આંકડા જાહેર કરવામાં વિલંબને કારણે મતદારોમાં પ્રારંભિક આંકડાઓ અને ૩૦ એપ્રિલે જાહેર કરાયેલા આંકડા વચ્ચેના તફાવત અંગે આશંકાઓ વધી છે. આ દૂર કરવી જોઈએ.

મતદારોનો વિશ્વાસ જાળવવા માટે, તે જરૂરી છે કે કમિશન મતદાન સમાપ્ત થયાના ૪૮ કલાકની અંદર તેની વેબસાઇટ પર પડેલા મતોનો પ્રમાણિત ડેટા પ્રકાશિત કરે.

# દેશના ૮ શહેરોમાં જાન્યુઆરી-માર્ચમાં મિલકતોની કિંમત ૧૦% વધીઃ રિપોર્ટ

## બેંગ્લુરુ, દિલ્હી, પુણેમાં મિલકતોની કિંમત સૌથી વધુ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશના રિયલ એસ્ટેટ માર્કેટમાં સતત તેજીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે જાન્યુઆરી-માર્ચ દરમિયાન દેશના પ્રમુખ ૮ શહેરોમાં મિલકતોની સરેરાશ કિંમતમાં ૧૦%નો ઉછાળો નોંધાયો છે. જેમાં બેંગ્લુરુમાં પ્રોપર્ટીની કિંમતો સૌથી વધુ ૧૯% વધી છે. ક્રેડાઇ, રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ કોલાયર્સ ઇન્ડિયા અને ડેટા એનાલિટિક ફર્મ લાઇસ ફોરસના સંયુક્ત રિપોર્ટ અનુસાર આ શહેરોમાં મિલકતોની કિંમતમાં ૪%થી લઇને ૧૯% સુધીનો વધારો થયો છે.

ડેટા અનુસાર, બેંગ્લુરુમાં જાન્યુઆરી-માર્ચ ૨૦૨૪માં મિલકતોની કિંમત ૧૯% વધી સ્કવેરફૂટ દીઠ રૂ.૧૦,૩૭૭ નોંધાઇ છે. જે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન સ્કવેર ફુટ દીઠ રૂ.૮,૭૪૮ હતી. દેશના ટોચના આઠ શહેરોમાં વાર્ષિક સ્તરે કિંમતોમાં ૧૦ ટકાનો વધારો થયો છે. તે ઉપરાંત મજબૂત વેચાણ પણ નોંધાયું છે તેવું લાયસ ફોરસના એમડી પંકજ કપુરે જણાવ્યું હતું.



બેંગ્લુરુ ૧૯%ના ઉછાળા સાથે મિલકતોની કિંમતમાં ટોચ પર છે, ત્યારબાદ આ યાદીમાં દિલ્હી ગઈછ, હૈદરાબાદ અને પુણે સામેલ છે. લક્ઝરી મકાનોની માંગ, અને વ્યૂહાત્મક લોન્ચિંગ જેવા પરિબળોને કારણે કિંમતો વધી છે. સાધારણ ફુગાવો અને વ્યાજદરોને પગલે રિયલ એસ્ટેટ સેક્ટરમાં કિફાયતી કિંમતોને કારણે માંગ જળવાઇ રહે તેવી ધારણા છે.

# 'હું તમને મારો દીકરો સોંપી રહી છું, રાહુલ તમને નિરાશ નહીં કરે', સોનિયા ગાંધીની ભાવુક અપીલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીને લઈને કોંગ્રેસ નેતા અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીએ શુક્રવારે (૧૭મી મે) રાયબરેલીમાં એક જાહેરસભાને સંબોધિત કરી. આ દરમિયાન તેમણે લોકોને ભાવુક અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, 'હું મારા દીકરા (રાહુલ ગાંધી)ને તમને સોંપી રહી છું. તે તમને નિરાશ નહીં કરે.' આ જાહેરસભમાં રાહુલ ગાંધી, પ્રિયંકા અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે પણ હાજરી આપી હતી. નોંધનીય છે કે, રાહુલ ગાંધીએ કેરળની વાયનાડ બેઠક ઉપરાંત ઉત્તર પ્રદેશની રાયબરેલી બેઠકથી પણ ઉમેદવારી નોંધાવી છે.

રાયબરેલીમાં જાહેરસભાને સંબોધતા કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ કહ્યુ, 'મારું જીવન તમારા પ્રેમ અને આશીર્વાદથી ભરેલું છે. મારી પાસે જે છે તે બધું તમારુ આપેલું છે. હું તમને મારો દીકરો સોંપી રહી છું. જેમ તમે મને પોતાની માનો છો, તે જ રીતે રાહુલને પણ પોતાના જ માનજો, રાહુલ તમને નિરાશ નહીં કરે.'



સોનિયા ગાંધીએ પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'ઈન્દિરાજીના હ્રદયમાં રાયબરેલી માટે ખાસ સ્થાન હતું. મેં તેમને નજીકથી કામ કરતા જોયા છે. તેમને તમારા માટે અપાર પ્રેમ હતો. મેં રાહુલ અને પ્રિયંકાને એ જ શિક્ષણ આપ્યું છે જે ઈન્દિરાજી અને રાયબરેલીના લોકોએ મને આપ્યું હતું. દરેકને માન આપો, નબળાનું રક્ષણ કરો. અન્યાય સામે લોકોના અધિકારોની રક્ષા માટે તમારે જે પણ લડવું હોય તે લડો. ડરશો નહીં.. કારણ કે તમારા સંઘર્ષના મૂળ અને પરંપરાઓ ખૂબ જ મજબૂત છે.'

રાયબરેલી બેઠકને ગાંધી પરિવારનો ગઢ ગણવામાં આવે છે. અહેવાલો અનુસાર, ફિરોઝ ગાંધીએ દેશની પ્રથમ લોકસભા ચૂંટણીમાં રાયબરેલીથી ચૂંટણી લડી હતી. એવું કહેવાય છે કે કોંગ્રેસના તત્કાલીન દિગ્ગજ નેતા રફી અહેમદ કિડવાઈએ ફિરોઝ ગાંધીને રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડવા કહ્યું હતું. રાયબરેલી બેઠકથી ફિરોઝ ગાંધીથી લઈને ઈન્દિરા ગાંધી, અરુણ નેહરુ અને સોનિયા ગાંધી આ બેઠક પરથી સંસદમાં પહોંચતા રહ્યા છે. હવે સોનિયા ગાંધી રાજસ્થાનથી રાજ્યસભામાં ગયા છે અને આ વખતે રાહુલ ગાંધી રાયબરેલી બેઠક પરથી ઉમેદવાર છે.

# મોરબીમાં મારામારી અને પ્રોહી.ના ગુનામાં સંડોવાયેલા વધુ ચારની પાસા તળે અટકાયત કરી જેલ હવાલે કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર તથા જીલ્લામાં મારામારી તથા પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ વધુ ચાર આરોપીઓ સામે મોરબી જીલ્લા પોલીસે પાસાનું શસ્ત્ર ઉગામ્યું છે. ત્યારે તમામ આરોપીઓને મોરબી જીલ્લા પોલીસ દ્વારા ડિટેઇન કરી જીલ્લા બહારની અલગ અલગ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યા છે.



મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી વધુ સુદ્રઢ બની રહે તે માટે ભૂતકાળમાં મારામારી તથા પ્રોહીબીશન સબંધી ગુનામાં સંડોવાયેલ આરોપીઓને કાયદાનો પાઠ ભણાવવા આરોપીઓ સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ કે.બી.ઝવેરી તરફ મોકલતા જીલ્લા મેજિસ્ટ્રેટે મારામારી તથા પ્રોહીબીશન સબંધી ગુનામાં સંડોવાયેલા ચાર ઇસમોના પાસા વોરંટ ઇસ્યુ કરેલ હતા.

જે ઇસ્યુ થયેલ વોરંટની બજવણી અનુસંધાને આરોપીઓની અટકાયત કરવા મોરબી જીલ્લા પોલીસની એલસીબી, એસઓજી, પેરોલફર્લો સ્કવોડ તથા જીલ્લામાં આવેલ તમામ પોલીસ મથકના સ્ટાફ સાથેની ટીમ બનાવી ચારેય આરોપીઓને તા.૧૭ મે ૨૦૨૪ના રોજ પાસા એક્ટ તળે ડીટેઇન કરી સુરત, વડોદરા તથા જુનાગઢ જેલ હવાલે કરવામાં આવ્યા છે. જેમાં આરોપી સાજીદ અલ્લારખાભાઇ લંજા ઉવ.૩૪ રહે.રાજકોટ જંકશન પ્લોટ શેરી નં.૦૧ જી.રાજકોટને સુરત લાજપોર મધ્યસ્થ જેલમાં, મોસીન રફીકભાઇ કડીયા ઉવ.૩૧ રહે.મોરબી વાવડી રોડ શુભમશેરી તા.જી.મોરબીને વડોદરા મધ્યસ્થ જેલ, ભાવેશ હરીશભાઇ ઉર્ફે હરેશભાઇ ચાવડા ઉવ.૨૨ રહે.સાપકડા તા.હળવદ જી.મોરબીને વડોદરા મધ્યસ્થ જેલ તથા આરોપી મુસ્તાક જુસબભાઇ કટીયા ઉવ.૨૩ રહે.મોરબી મચ્છીપીઠ ઇદગાહ રોડ જી.મોરબીને જૂનાગઢ જીલ્લા જેલ હવાલે કરવામાં આવ્યા છે.

# મોરબીમાં અપહરણના ગુનામાં પાંચ માસથી વોન્ટેડ આરોપીને એમપીમાંથી દબોચી લેતી સીપીઆઈ ટીમ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સર્કલ પોલીસ ઇન્સ્પેક્ટર ટીમ દ્વારા માળીયા(મી) પોલીસ મથકમાં નોંધાયેલ સગીરાનું લગ્નની લાલચ આપી અપહરણ કરી ભગાડી લઇ જવાના કેસના વોન્ટેડ આરોપી કે જે પાંચ માસથી ફરાર હોય તેને મધ્યપ્રદેશ રાજ્યમાંથી ઝડપી લઇ હસ્તગત કરી આગળની કાયદેસરની કાર્યવાહી માટે માળીયા(મી) પોલીસ મથકમાં સોંપવામાં આવ્યો છે.



સમગ્ર અપહરણ કેસની ટૂંક વિગત મુજબ મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી તથા નાયબ પોલીસ અધિક્ષક મોરબી પી.એ.ઝાલા તરફથી અપહરણ તથા ગુમ થયેલ વ્યકતિઓને શોધી કાઢવા જરૂરી માર્ગદર્શન તથા સુચના કરેલ હોય જે અનુસંધાને મોરબી સર્કલ પો.ઈન્સ. તથા સ્ટાફના ઉપરોક્ત કામગીરી કરવા પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન ટેકનીકલ શોર્સથી માહિતી મળેલ કે માળીયા મીં પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પોક્સો અધીનીયમ તથા અપહરણ ગુનામાં છેલ્લા પાંચ માસથી નાસતો ફરતો આરોપી ક્રિષ્ના ઉર્ફે કનૈયા રતીરામ કુછવાહ (પટેલ) ઉ.વ.-૩૦ રહે.ચિતૌરા તા.સુરખી જી.સાગર મધ્યપ્રદેશવાળો ફરીયાદીની સગીર વયની દિકરીનું અપહરણ કરી ભગાડી ગયેલ હોય જે આરોપી તથા ભોગ બનનાર મધ્યપ્રદેશના સાગર જીલ્લામા હોવાની માહીતી મળતા મોરબી સર્કલ પોલીસ ઇન્સ્પેક્ટરની ટીમ સાગર જીલ્લામા મંજુરી આધારે આરોપી તથા ભોગબનનારને સાગર ખાતેના કેન્ટ વિસ્તારમાંથી હસ્તગત કરી માળીયા મીં પો.સ્ટે. ખાતે સોંપી આપેલ છે.

ઉપરોક્ત આરોપી ક્રિષ્ના ઉર્ફે કનૈયા રતીરામ કુછવાહ ઉવ.૩૦ રહે.ચિતૌરા તા.સુરખી જી.સાગર મધ્યપ્રદેશવાળાને માળીયા(મી) પોલીસ મથકમાં લાવી પુછપરછ કરતા આરોપી વિરુદ્ધ મધ્યપ્રદેશના સાગર જિલ્લાના સુરખી થાણામા કુલ -૪ ગુન્હા દાખલ થયેલ છે જેમના એક ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હોવાની કબૂલાત આપતા મધ્યપ્રદેશના સુરખી પોલીસ થાણામાં જાણ કરી વેરીફાઈ કરાવેલ છે.

# જામનગરમાં ગેસ રીફિલિંગ કરવાનું કૌભાંડ ઝડપાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ભાગોળે દરેડ વિસ્તારમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપે દરોડો પાડી ગેસના ભરેલા બાટલામાંથી ખાલી બાટલમાં રીફીલીંગ કરતા બે શખસોને પકડી પાડી ખાલી ભરેલા બાટલાઓ સહિત રૂા.૩૨ હજારથી વધુનો મુદામાલ કબજે કર્યો હતો અને બંને સામે અલગ અલગ ગુના દાખલ કર્યા હતા.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગર સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપના પીઆઇ બી.એન. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એલ. એમ. જેરના નેતૃત્વમાં પોલીસ ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળાએ સ્ટાફના ચંદ્રસિંહ જાડેજા, અનિરૂધ્ધસિહ ઝાલા અને તોસીફભાઇ તાયાણી સહિતની ટીમને દરેડમાં એપલ ગેઇટ અંદરના રોડ પર એક કારખાના પાસે દુકાનની સામે જાહેરમાં ગેરકાયદે ગેસના ભરેલા બાટલામાંથી ખાલી બાટલામાં રીફીલીંગ કરી તેનુ વેચાણ કરવામાં આવતુ હોવાની બાતમી મળી હતી.જે બાતમીના આધારે પોલીસ ટીમે તુરંત દોડી જઇ સ્થળ પરથી દિપકભાઇ હેમતભાઇ બેલા (રે. અયોધ્યાનગર શેરી નં.૩, જામનગર) અને અજીમભાઇ યુસુફભાઇ ખીરા (રે. મસીતીયા, નવી સોસાયટી,જામનગર)ને સકંજામાં લીધા હતા.પોલીસે સ્થળ પરથી જુદા જુદા ગેસના ભરેલા અને ખાલી અગીયાર બાટલા ઉપરાંત બે વજન કાંટા સહિત રૂા.૩૨,૬૦૦નો મુદામાલ કબજે કર્યો હતો.પોલીસે બંને શખસો સામે પંચ બી પોલીસ મથકમાં અલગ અલગ ગુના દાખલ કરાવ્યા હતા. જે મામલે પુછપરછ સાથે પોલીસ દ્વારા તપાસ આગળ ધપાવાઇ છે.



# મોરકંડામાં દાખલો કઢાવવા ખેડૂત પાસેથી રૂા .૧૫૦ ની લાંચ લેતાં વીસીઈ પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મોરકંડામાં આવેલી ગ્રામ પંચાયત કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટરની ફરજ બજાવતા એક કર્મચારીએ કાયદા મુજબ દાખલા માટે રૂ..૧૫૦ની ફી વસૂલવાના બદલે રૂ..૩૦૦ એક અરજદાર પાસે માંગતા તે રકમ સ્વીકારતા કર્મચારીને એસીબી સ્ટાફે રંગેહાથ પકડી પાડ્યો છે.જામનગર તાલુકાના મોરકંડા ગામમાં આવેલી ગ્રામ પંચાયત કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતો નવીન નકુમ નામનો કર્મચારી કચેરીમાં જે ખેડૂતો ૭/૧૨ વગેરેના દાખલા કઢાવવા આવે છે તેની પાસેથી નિયમ મુજબ રૂ..૫ની બદલે રૂ..૧૦ વસૂલી લેતો હોવાની વિગતો જામનગરની લાંચ રૃશ્વત વિરોધી શાખાને મળતા આજે સવારે પીઆઈ એમ.ડી. પટેલ તથા સ્ટાફે રાજકોટ સ્થિત એસીબી એકમના મદદનીશ નિયામક (ઈન્ચાર્જ) કે.એચ. ગોહિલની સૂચનાથી વોચ રાખી હતી.તે કચેરીમાં સાદા વસ્ત્રોમાં પહોંચેલા એસીબીના સ્ટાફે છટકુ ગોઠવ્યું હતું અને તેમાં એક નાગરિકનો સહકાર મેળવી તેને સમજાવવામાં આવ્યા મુજબ આ નાગરિકે મોરકંડા ગ્રામ પંચાયત કચેરીના કોમ્પ્યુટર ઓપરેટર નવીનચંદ્ર માધવજીભાઈ નકુમ સાથે વાત કરી હતી.વાતચીતમાં આ કર્મચારીએ જે તે નાગરિકે જણાવ્યું હતું કે, દાખલાની ૩૦ કોપીના રૂ..૩૦૦ આપવા પડશે. સરકારના નિયમ મુજબ ૩૦ કોપીના રૂ..૧૫૦ ભરપાઈ કરવાના થતાં હોય છે તેની સામે આ કર્મચારીએ રૂ..૩૦૦ માંગતા આ નાગરિકે સહમતી આપી હતી અને એસીબી ટીમને તેની વિગતો આપી હતી. તે પછી રૂ..૩૦૦ આપવામાં આવતા જ પ્રગટેલા એસીબી સ્ટાફે સ્થળ પરથી નવીનચંદ્ર નકુમની અટકાયત કરી લીધી હતી. આ શખ્સને રૂ..૧૫૦ની લાંચ સ્વીકારવા અંગે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુન્હો નોંધવા માટે એસીબી કચેરીએ ખસેડવામાં આવ્યો છે.



# મોરબી જીલ્લા કલેક્ટર કે.બી.ઝવેરીએ સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ સમીક્ષા બેઠક યોજી

## હોસ્પિટલના વિવિધ વિભાગોની મુલાકાત લઈ સુવિધાઓ અંગે જાત નીરિક્ષણ કર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ માટે ઉપલબ્ધ મેડિકલ સર્વિસ તેમજ અન્ય તમામ સગવડો અંગે જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના અધ્યક્ષ સ્થાને મોરબી સિવિલ હોસ્પિટલના કોન્ફરન્સ હોલ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક અન્વયે સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોના કી-પર્ફોમન્સ, ઉપલબ્ધિઓ તેમજ કામગીરી અંગે સમીક્ષા કરી હતી.



આ બેઠક દરમિયાન જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીએ મોરબી સિવિલ હોસ્પિટલની સુંદર કામગીરી માટે અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, સિવિલમાં ખૂબ સારી કામગીરી કરવામાં આવી રહી છે. આપણી સિવિલમાં જેટલી સગવડો ઉપલબ્ધ છે તેનો મહત્તમ ઉપયોગ કરી દર્દીઓની સારવાર માટેની સારી કામગીરી કરવામાં આવી રહી છે. આપણી હોસ્પિટલમાં કોઈ વ્યક્તિ ભલેને સ્ટ્રેચર, વ્હીલચેર કે વેન્ટિલેટ ઉપર આવે અને સારવાર બાદ તે પોતાના પગ પર ઉભો થઈને જાય તે માટેની સર્વશ્રેષ્ઠ કામગીરી આપણે કરવાની છે. હોસ્પિટલમાં સૌથી અગત્યનું કંઈ હોય તો તે છે દર્દીઓની સેવા, માટે સૌ દર્દીઓને સારામાં સારી ટ્રીટમેન્ટ મળે અને મોરબી જિલ્લાના નાગરિકોને સર્વ શ્રેષ્ઠ સારવાર મળી રહે તે અપેક્ષા રાખું છું તેવું તેમણે જણાવ્યું હતું.

સમીક્ષા બેઠકમાં મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, હોસ્પિટલ એ સામાજિક સેવાનો મહત્વનો ભાગ છે, ત્યારે જે લોકો સારવાર માટે સિવિલ સહિત સરકારી દવાખાનાઓમાં સારવાર લે છે તેમની આશા અને ભરોસો આપણે કાયમ રાખવાનો છે. હોસ્પિટલમાં મેડિકલ સર્વિસની સાથે હોસ્પિટાલિટી સર્વિસ પણ એટલી જ મહત્વની છે જેથી અધિકારીઓથી લઈને નીચેના સ્ટાફ સુધી તમામ લોકો દરેક દર્દી સાથે યોગ્ય વર્તન કરે તો જ ઈન્સ્ટિટ્યૂટનું સમાજમાં નામ બને છે.

આ બેઠક દરમિયાન જનરલ મેડિસિન, રેસ્પીરેટરી મેડિસિન, જનરલ સર્જરી, ગાયનેક, ઓર્થોપેડિક, ઈ.એન.ટી., પિડીયાટ્રીક્સ, સ્કિન, મોલલોજી, સાયકેટ્રીક્સ, પેથોલોજી, બાયોકેમીસ્ટ્રી માઇક્રોબાયોલોજી, રેડિયોલોજી, એનેસ્થેસિયા તેમજ મેડિકલ કોલેજ સહિતના ડિપાર્ટમેન્ટની કામગીરી તેમજ ઉપલબ્ધિઓ અંગે કલેક્ટરને માહિતગાર કરવામાં આવ્યા હતા. વધુમાં જીલ્લા કલેક્ટર દ્વારા હોસ્પિટલના વિવિધ વિભાગોની મુલાકાત લઈને દર્દીઓને વધુ ને વધુ સારી સુવિધા મળી રહે તે માટેના સુચનો કર્યા હતા.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, મોરબી પ્રાંત અધિકારી સુશીલ પરમાર, હળવદ પ્રાંત અધિકારી ધાર્મિક ડોબરીયા, સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. પ્રદીપ દુધરેજીયા, મેડિકલ કોલેજના ડીન નીરજ બિશ્વાસ, જીલ્લા ક્ષય અધિકારી ધનસુખ અજાણા સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, વિવિધ વિભાગના વડા, ડોક્ટર્સ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સાંપ્રત શિક્ષણ કેટલું સાર્થક? સાક્ષરતાની કેટલી સાર્થકતા?

**મુખ્ય સમાચાર, મોરબી**

**નિર્માણો કે ઈસ પાવન યુગ મેં**
**ચરિત્ર નિર્માણ ન ભૂલે,**
**સ્વાર્થ સાધના કી આંધી મેં**
**માનવ કા કલ્યાણ ન ભુલે.**



હાલ બોર્ડના એકઝામના પરિણામની મોસમ પુર બહારમાં ખીલી છે. થોડા વર્ષો પૂર્વે ત્રણ વિદ્યાર્થીઓ જેટલા કુલ માર્ક્સ મેળવતા એટલા માર્ક્સ આજનો એક-એક વિદ્યાર્થી લાવી રહ્યો છે. ત્યારે તમામ તેજસ્વી તારલાઓને ખુબ ખુબ અભિનંદન સહ...ધન્યવાદ...!

પ્રચંડ પરિણામો જોઈ છેલ્લા થોડા સમયથી મનમાં વિચારોનું વંટોળ સર્જાયું છે. આટ-આટલું જ્વલંત પરિણામ પ્રાપ્ત કર્યા પછી વિદ્યાર્થીઓ ઈચ્છીત પદ પ્રાપ્ત કરી શકશે ? શું શિક્ષણ જ જીવન છે ? શિક્ષણ પ્રાપ્ત કરવાથી જ બધુ પ્રાપ્ત થાય છે ? શું આજનો ભણેલો યુવાન ગણેલો છે ? આજનો ભણેલો કે ગણેલો યુવાન સુશિક્ષિત સુસંસ્કારી છે ? આવા અને ક પ્રશ્નો વંટોળીયાની જેમ ગોળ-ગોળ ફરી રહ્યા છે.

**મંજિલે ઉન્કો મિલતી હૈ**
**જિનકે સપનો મેં જાન હોતી હૈ,**
**પરોં સે કુછ નહિં હોતા**
**હોંસલો સે હી ઉડાન હોતી હૈ.**

આપણે આશા રાખીએ કે આજનો આ એજયુકેટેડ યુવાન કર્તવ્યનિષ્ઠ બને, કર્મયોગી બને, સંવેદનશીલ બને, સામાજીક સેવામાં સહભાગી બને, પરિશ્રમી બને, રાષ્ટ્ર માટે કટિબદ્ધ અને પ્રતિબદ્ધ બની પોતે પ્રાપ્ત કરેલ શિક્ષણ સાર્થક કરે. બાકી તો અત્યાર સુધીના અનેક એવા ઉદાહરણો છે કે ભણેલા લોકોએ જ આ દુનિયાને વધુને વધુ નુકસાન પહોચાડ્યું છે. જેમ કે અભણ માણસ પ્રકૃતિનું પૂજન અને જતન કરતો જ્યારે ભણેલા માણસે પર્યાવરણનું નિકંદન કાઢી નાખ્યું છે. અભણ માણસે વૃક્ષો વાવ્યા અને ભણેલા માણસે આડેધડ વૃક્ષો કાપ્યા અને સિમેન્ટ કોન્ક્રીટનાં જંગલો ઉભા કર્યા, જેના દુષપરિણામો આપણે ભોગવી રહ્યા છીએ. અત્યારે ૪૫ ડીગ્રી તાપમાન, આંધી, તુફાન અને કમોસમી વરસાદ કે ભૂકંપ જેવી કુદરતી આફતોનો આપણે સામનો કરી રહ્યા છીએ. અભણ માણસ પાણીને પવિત્ર માનતો, નદીને લોકમાતા માનતો અને પાણીની સ્વચ્છતા જાળવતો. ભણેલો માણસ નદીમાં ગંદી ગટરો વહાવતો થયો. જેના પરિણામે આજે આપણે બોટલનું પાણી પીવા વારો આવ્યો છે. અભણ માણસ ગાય, ભેંસો જેવા દુધાળા પશુઓ રાખતો અને ભણેલા માણસને પાલતુ પ્રાણીઓ બોઝારૂપ લાગ્યા. પરિણામે આપણે ભેળસેળીયું, વાસી અને પ્લાસ્ટિકની થેલીનું દૂધ ખાતા થયા. અભણ માણસ પોતાનો પરંપરાગત વ્યવસાય કરતો, ખેડૂતનો દિકરો ખેતી કરતો, લુહારનો દિકરો લુહારી કામ કરતો, સુથારનો દિકરો સુથારી કામ કરતો, બ્રાહ્મણનો દિકરો કર્મકાંડ કરતો પણ ભણેલો માણસ પોતાના પરંપરાગત વ્યવસાયથી વિમુખ થયો અને સરકારી નોકરી શોધતો થયો. પરિણામે હજાર ખાલી જગ્યા માટે લાખો શિક્ષિતિ બેકારો અરજી કરતા થયા. નિરક્ષર માણસ કઠોર પરિશ્રમ કરતો અને આજનો સાક્ષર માણસ સોફ્ટવર્કની શોધમાં બેકાર બન્યો. આજે ખેતીકામ કરનારાઓની ખુબ જ જરૂર છે પણ ખેતી કરનારાઓની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી જાય છે. પરિણામે હજારો હેકટર ઉપજાઉ જમીન બંજર બનતી જાય છે. જો આવી જ પરિસ્થિતિ રહેશે તો કદાચ ખાદ્યપદાર્થોની અછત ઉભી થશે. લોકો અનાજ માટે તડપતા હશે..!!

**ઈશ્વર તો એક કલ્પના છે,**
**જ્યારે માં-બાપ હકીકત છે,**
**ઈશ્વર તો નિરાકાર છે જ્યારે**
**માં-બાપ તો સાકાર છે.**

અભણ માણસ માતા-પિતાને માન આપતો, સેવા સુસુશ્રા કરતો, ભણેલો માણસ માં-બાપને વૃદ્ધાશ્રમમાં મોકલતો થયો. ખેતી કે ખેતમજૂરી કે નાના નાના કામ કરતો માણસ પોતાના માં-બાપને સાથે રાખશે પણ જે માં-બાપે પેટે પાટા બાંધીને ભણાવી ગણાવીને જેમને શિક્ષિત કરતો કર્યો હોય એ દિકરો એના માં-બાપને સાથે નહીં રાખે.એનું કારણ પિતાશ્રીના કુળમાંથી સસુરના કુળમાં પધારેલી પુત્રવધુ છે,દીકરાઓને તો એમના માતા-પિતા ગમતા જ હોય છે પણ આજની ભણેલી ગણેલી પુત્રવધુઓને સાસુ-સસરા નથી ગમતા પરિણામે જે ઉંમરે માતા-પિતાને એકબીજાના સાથની પરિવારના પ્રેમની ખુબજ આવશ્યકતા હોય એવા સમયે માં-બાપના ભાગ પાડી એક ભાઈ માં ને રાખે અને મકાન પર માતૃકૃપા લખતો થયો. એક ભાઈ પિતા ને રાખે અને ઘર પર પિતૃકૃપા લખતો થયો. અભણ માણસ સંયુક્ત કુટુંબમાં રહેતો, ભણેલો માણસ વિભક્ત કુટુંબમાં રહેતો થયો. જો આવું ને આવું ચાલ્યું તો એક દિવસ પતિ-પત્ની સાથે રહેતા હશે એને કદાચ સંયુક્ત કુટુંબ કહેવું પડશે...! અભણ માણસ ખોટું ન્હોતો કરતો, કામચોરી કે કરચોરી કે દિલદગડાઈ ન્હોતો કરતો. જ્યારે ભણેલો માણસ કરોડોનો બેનંબરી કમાણી કરી ભયંકર ભ્રષ્ટાચાર કરતો થયો. ભણેલો માણસ આંતકવાદી બની નિર્દોષ લોકોની કત્લેઆમ કરતો થયો. ભણેલા માણસે પરમાણું બોંબ બનાવ્યો જે સમગ્ર માનવજાત માટે ખતરારૂપ બન્યો છે. આમ સાક્ષરા માનવા: રાક્ષસા ભવન્તિ: સાક્ષરતા એ રાક્ષસતા ન બની જાય એટલા માટે પુસ્તકિયા શિક્ષણની નહીં પણ કેળવણીની જરૂર છે. માણસને સંસ્કારી બનાવે, સંવેદનશીલ બનાવે એવી ઋષિ પરંપરા વાળી કેળવણીની વ્યવસાયીલક્ષી શિક્ષણની અતિ આવશ્યકતા છે. અન્યથા શૈક્ષણિક સંસ્થાઓમાંથી પુસ્તકિયું જ્ઞાન પ્રાપ્ત કરનારા લાખો યુવાનો દર વર્ષે શિક્ષિત બેકારો બનતા જ રહેશે... બનતા રહેશે...!

**યુગોની ઓળખ પલમાં**
**ડૂબી જાય છે, જેમ**
**આકાશમાંથી તારા ખરી જાય**
**છે.**
**આપણે ગમે તેવા દાવપેચ**
**ખેલીએ પણ હુકમનો એકો તો**
**કુદરત જ ફેંકી જાય છે.**

માનવ જીવન ખુબજ અલ્પ છે. ક્યારે કુદરત આપણને એમની પાસે બોલાવી લે એનું કંઈ નક્કી નથી ત્યારે દરેક માણસ સાચા અર્થમાં માણસ બને. કુદરતી જીવન જીવી, અન્યને ઉપયોગી બની, મનુષ્ય અવતારને સાર્થક કરે એજ પરમકૃપાળુ પરમ પ્રેરક પરમાત્માને પ્રાર્થના.

# 'મારા ભાઈનો ચેક બાઉન્સ કેમ કરાવ્યો' તેમ કહી મોરબીના યુવક ઉપર ત્રણ શખ્સોએ કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મળતી માહિતી અનુસાર મોરબીના વાવડી રોડ કારિયા સોસાયટીમાં રહેતા વેપારી આદીલભાઇ ગફારભાઇ સોલંકી ઉવ.૨૮ને ગત તા.૧૭/૦૫ના રોજ સાંજે ૭.૩૦ વાગ્યાના અરસામાં આરોપી અલીભાઈ આરીફભાઇ કાસમાણી રહે રણછોડનગર ગોસિયા મંજીલવાળાએ નગર દરવાજા નજીક પૂનમ કેસેટની દુકાન પાસે ઉભો રાખી કહેલ કે તે મારા ભાઈનો ચેક કેમ બાઉન્સ કરાવ્યો તેમ કહી બોલાચાલી કરી અપશબ્દો આપવા લાગ્યો હોય તે દરમિયાન આરોપી તોફીક આરીફભાઇ કાસમાણી તથા આરોપી સમીર આરીફભાઇ કાસમાણી લોખંડના પાઇપ લઈને આવી આદિલભાઈને ઢીકાપાટુનો માર મારી પાઇપનો એક ઘા પગમાં ફટકાર્યો હતો ત્યારે બનેલ બનાવ બાબતે આદિલભાઈએ ત્રણેય આરોપી અલીભાઇ આરીફભાઇ કાસમાણી, તોફીક આરીફભાઇ કાસમાણી તથા સમીર આરીફભાઇ કાસમાણી રહે બધા રણછોડનગર પાછળ રીધ્ધી પાર્ક ગોસીયા મંજિલ વિરુદ્ધ સીટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી છે.

# જામનગરમાં યુવા દલિત સમાજના પ્રમુખની વરણી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં યુવા દલિત સમાજના દ્વારા ચેતનકુમાર વી.ભાંભીને યુવા દલિત સમાજના શહેર પ્રમુખ તરીકે નિમણુક કરવામાં આવેલ છે . આ નિમણુકને શહેર જીલ્લાના હોદેદારોએ સર્વાનુમતે સ્વીકારેલ છે , જામનગર શહેરમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરતા તેમજ સમાજના કોઇપણ પ્રશ્ન બાબતે હમેશા જાગૃત અને લડત આપતા ચેતનકુમાર વી.ભાંભી દલિત સમાજના યુવા આગેવાન તથા સમાજિક કાર્યકર છે તેઓની યુવા દલિત સમાજમાં શહેર પ્રમુખ તરીકે નિયુક્ત કરેલછે , ચેતનકુમાર વી.ભાંભીને યુવા દલિત સમાજમાં શહેર પ્રમુખ તરીકે નિયુક્ત કરતા શહેર તથા જીલ્લાના દલિત સમાજ તેમજ મિત્ર વર્તુળમાં ઉત્સાહની લાગણી ફેલાયેલી છે .



# મોરબીમાં ગ્રાહકોની મજબુરીનો લાભ ઉઠાવતી ફાયનાન્સ કંપની ઉપર રિઝર્વ બેંક ક્યારે પગલા લેશે? ગ્રાહક સુરક્ષા મંડળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં શ્રમિક અને મધ્યમવર્ગના લોકોને મકાન લોન તેમજ વાહન લોન આપતી ફાયનાન્સ કંપની તરફથી થતી હેરાનગતિ કરતી ફાયનાન્સ કંપનીઓ સામે ગ્રાહકના હિતમાં પગલા લેવા મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા દ્વારા અમદાવાદ રિઝર્વ બેંકના ગવર્નરને લેખિત રાવ કરવામાં આવી છે.

મોરબી ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખની લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ મોરબી ઔધોગીક નગરી છે અહીં શ્રમીક અને મધ્યમવર્ગના લોકો મહેનત કરીને તેનું જીવન નિર્વાહ કરીને ગુજરાન ચલાવે છે શ્રમીકો પોતાની આજીવીકા માટે પેસેન્જર રીક્ષા કે અન્ય માલવાહક નાના વાહન જે તે ફાયનાન્સ કંપનીમાંથી લોન ઉપર ખરીદી કરે છે, ત્યારે લોન આપતી વખતે અમુક ફાયનાન્સ કંપનીઓ ગ્રાહકને આંબા આંબલી બતાવે છે અને તમામ દસ્તાવેજી કાગળો ઉપર ગ્રાહકોની સહીઓ કરાવી લ્યે છે જે કાગળો ઉપર હંમેશા અંગ્રેજીમાં લખાણ હોય છે, એટલે અભણ ગ્રાહકને જયાં કહે ત્યાં સહી કરી નાખે છે અને ગ્રાહકે આપેલા ચેક ગ્રાહકે આપેલ તારીખ નહીં પણ કા વહેલા અગર મોડા નાખે છે જેથી પાંચ સો રૂપિયા જેવી રકમ દંડ તરીકે વસુલ કરી શકે વ્યાજની કોઇ સીમા હોતી નથી જાણવા પ્રમાણે વચ્ચે વ્યાજ વધારવામાં આવે છે. ઘણી બધી ફાયનાન્સ ની હેડ ઓફીસ મુંબઇ- ચેનાઈ, કલકતા હોય છે એટલે ન્યાય નું ક્ષેત્ર તેના રાજયમાં હોય છે. ગ્રાહકને કોઇપણ જાણ કર્યા વગર ત્રણ હપ્તા ચડીગયા એટલે વાહન જે જગ્યાએ હોઇ ત્યાંથી ઉઠાવી જાય છે ખેંચી ગયા પછી તેની પહોંચ આપતા નથી ગ્રાહકને જાણ કર્યા વગર ગાડી વહેચી નાખે છે અને વહેચતા ગ્રાહક પાસે લેણા રૂપિયા નીકળે છે ફાયનાન્સ કાં. ની આવી મનમાનીને કારણે ગ્રાહકો દુ:ખી થાય છે. ધંધા વગરના થાય છે.

આવી જ હાલત મકાન લોન ગ્રાહકની છે પાંચ લાખની લોનના જાણવા પ્રમાણે દસ લાખ ભરવાના આવે છે. બે થી ત્રણ હપ્તા બાકી હોય તો મકાનને શીલ મારી નાખે છે. તેવું જાણવા મળેલ છે. પહેલા મકાનની લોન લીધી હોય ને શીલ મારવાના હોય તો કલેકટર કે મામલતદાર ને બોલાવવા પડતા અને બન્ને અધિકારી ગ્રાહકને સાંભળતાને ન્યાય આપતા હવે ગ્રાહકનું ચાલીસ લાખનું મકાન હોઇ પાંચ લાખ બાકી હોય તો ફાયનાન્સના માણસ શીલ મારી દે છે આવી ફાયનાન્સ કું. ઉપર કોઇ રીઝર્વ બેંકની લગામ ખરી કે નહીં બેંકે ફાયનાન્સને કઇ શરતે માન્યતા આપેલ છે વ્યાજ અને ચેક બાઉન્સ માં કેટલા દંડની જોગવાઇ છે તે ગ્રાહકને જાણકારી હોવી જરૂરી છે જો આવી ફાયનાન્સ કું. ગ્રાહકની સેવાને બદલે મજબુરીનો લાભ ઉઠાવતી હોય તેવી ફાયનાન્સની માન્યતા રદ થવી જોઇએ આ બાબતે ગ્રાહકના હીત માટે ગર્વનર પગલા ભરે તેવી અપેક્ષા સાથેની લેખિત રજૂઆત કરાઈ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# આચારસંહિતાના પગલે મનપાનું જનરલ બોર્ડ કોઈપણ કાર્યવાહી કર્યા વગર મુલત્વી રહ્યું



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા મેયર નયનાબેન પેઢડિયાની અધ્યક્ષત્તામાં મળી હતી. પરંતુ લોક્સભા ચૂંટણીની આચારસંહિતા સમગ્ર દેશમાં લાગુ હોય કોઈપણ કાર્યવાહી વગર બોર્ડ મુલત્ત્વી રાખવાની ફરજ પડી હતી. જેને પગલે આજે વંદેમાતરમના ગાન સાથે અધ્યક્ષ વારા બોર્ડ મુલત્વી રખાયું હતું. ઉલેખનિય છે કે આજે ગેરલાયક ઠરેલાં કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયા તથા કોમલબેન ભારાઈ હાઈકોર્ટમાં કેસ જીતી જતાં તેઓ આજે જનરલ બોર્ડમાં હાજર રહ્યા હતાં. આમ કોંગ્રેસનું સંખ્યાબળ ફરી ચારને પહોંચ્યું હતું.

## મેટોડા પાસે હીટ એન્ડ રનની ઘટના સર્જી માતા-પુત્રનો ભોગ લેનાર કાર ચાલક ઝડપાયો

### પોલીસે કાર નંબરના આધારે તપાસ હાથ ધરી ખિરસરાના શખ્સને દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ભાગોળે આવેલા મેટોડા પાસે થયેલા હિટ એન્ડ રન અકસ્માતમાં માતા-પુત્રનો ભોગ ોવાયો હતો. જેમાં પોલીસે કાળા કલરની વર્ના કારના ચાલકની ઓળખ કરી ખિરસરાના શખસ સામે ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી છે.





મેટોડામાં મણી મંદિરની સામે રોડ ક્રોસ કરતી વેળાએ શિલુદેવી ચંદનકુમાર શાહ, તેના પુત્ર અંકુશ અને રાજા કૈલાશ પાસવાન નામના ત્રણેય વ્યક્તિઓને ત્યાંથી પૂરપાટ ઝડપે પસાર થતી જીજે-૦૩- જેએચ-૪૬ નંબરની કાળા કલરની વર્ના કારે અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં હોસ્પિટલે સારવાર મળે તે પહેલા જ માતા-પુત્રના મોત નિપજ્યા હતા. ઘટનાની જાણ થતા મેટોડા પોલીસ મથકના સ્ટાફે કાર ચાલકને દબોચી લેવા ચક્રગતિમાન હાથધર્યા હતા. જેમાં હાલ પોલીસને કાર ચાલક મૂળ ખિરસરાનો રહેવાસી ચિરાગ ભીખાભાઈ વાગડિયા હોવાનું જાણવા મળ્યુ હતું. પોલીસે આરોપીની ઓળખ થયા બાદ તેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## બાલાજી હનુમાનદાદાને આજે શનિવારના પવિત્ર દિવસે કળશ સાથે પુષ્પનો દિવ્ય શણગાર કરાયો



(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રી લક્ષ્મીનારાયણ દેવ ટેમ્પલ બોર્ડ વડતાલ ધામ સંચાલિત વડતાલ દ્વિ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે રાજકોટની પાવન ધરામાં બિરાજમાન દુઃખ ભંજન , મારુતિ નંદન શ્રી બાલાજી હનુમાનજી મહારાજને આજના શનિવારના પવિત્ર દિવસે કળશ સાથે રંગબેરંગી પુષ્પોનો અલૌકિક અને દિવ્ય શણગાર કરાયો છે , આ દિવ્ય શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે સાથે આજે મંદિરના મહંત પૂ.વિવેકસાગર દાસજી સ્વામી , કોઠારી પૂ.મુનિવત્સલ દાસજી સ્વામીની પાવન ઉપસ્થિતિમાં સંગીતમય મારુતિ યજ્ઞ પણ યોજાયો હતો જેમાં પણ બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં અને યજ્ઞનો લાભ લીધો હતો, આજના શનિવારના પવિત્ર દિવસે હજારો ભક્તો મહાપ્રતાપી બાલાજી દાદાના દર્શને પધારશે અને ધન્યતાની અનુભૂતિ કરશે , આપ પણ પરિવાર સાથે બાલાજી દાદાના દર્શને પધારી દર્શનનો દિવ્ય લાભ લો તેમ શ્રી બાલાજી હનુમાનજી મંદિરની યાદીમાં જણાવાયું છે.

## અભ્યાસ અને નોકરી માટે જરૂરી ૩૮૮ પ્રમાણપત્રોની ચકાસણી કરતી વિકસતી જાતિ વિભાગની કચેરી

### અરજદારોને મુશ્કેલી ન પડે તે માટે બહુમાળી ભવન ઉપરાંત જિલ્લા સેવા સદન-૨ ખાતે પણ કાર્યરત કરાઈ પ્રમાણપત્ર ચકાસણીની સગવડઃ ઉનાળામાં ગરમીથી બચવા પાણીની વ્યવસ્થા પણ કરાશે

**મુખ્ય સમાચાર રાજકોટ**

વર્તમાન સમયમાં ચાલી રહેલી સરકારી નોકરીની ભરતી તથા નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી એવા વિવિધ ૩૮૮ પ્રમાણપત્રોની ચકાસણી ૧૭ મે-૨૦૨૪ સુધીમાં જિલ્લા નાયબ નિયામક વિકસતિ જાતિની કચેરી બહુમાળી ભવન, રાજકોટ દ્વારા પૂર્ણ કરવામાં આવી છે.

આ અંગે વધુ માહિતી આપતાં રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી શ્રી વિમલ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, જુદી-જુદી સરકારી નોકરીની ભરતી તથા શૈક્ષણિક સત્ર પૂર્ણ થતાં જરૂર પડતા વિવિધ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના દાખલા, આર્થિક રીતે પછાત વર્ગના દાખલા, લઘુમતી જાતિના દાખલા, વિચરતી-વિમુક્ત જાતિના દાખલા, નોન-ક્રિમી લેયર અંગેના પ્રમાણપત્રો (ગુજરાત સરકાર માટે) અને એડમિશનની પ્રક્રિયામાં જરૂરી વિકસતિ જાતિ અંગેના પ્રમાણપત્રો આપવાની હાલ કામગીરી ચાલી રહી છે. આ પ્રમાણપત્રો મેળવવા માટે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓનો ધસારો હોવાથી આ પ્રકારની તમામ અરજીઓના સત્વરે નિકાલ માટે સવારે ૦૯-૩૦ વાગ્યાથી ટોકન વિતરણ વ્યવસ્થા લાગુ કરવામાં આવેલ છે. તેમજ વધુ બે કોમ્પ્યુટર સીસ્ટમ તથા કોમ્પ્યુટર ઓપરેટર પણ મુકવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૭/૦૫/૨૦૨૪ના બપોર સુધીમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના પ્રમાણપત્રો-૧૪૦, ધાર્મિક લઘુમતીના પ્રમાણપત્રો-૧, નોન-ક્રિમી-લેયર અંગેના પ્રમાણપત્રો (ગુજરાત સરકાર માટે)-૧૪૮, વિચરતી - વિમુક્ત જાતિ માટેના પ્રમાણપત્રો-૮, બિન અનામત વર્ગો માટેના પ્રમાણપત્રો (આવક વિના)-૪૧ આમ મળીને કુલ-૩૮૮ પ્રમાણપત્રોની અરજીઓની ચકાસણી બપોર સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

ચક્રવર્તીએ ઉમેર્યું હતું કે અરજદારશ્રીઓને વધુ સગવડ મળી રહે તથા અરજીઓનો ઝડપથી નિકાલ થાય, તે માટે જનસેવા કેન્દ્ર, બહુમાળી ભવન (જિલ્લા સેવા સદન-૨)માં આવેલ ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ તથા શરાફી સહકારી મંડળીની જગ્યામાં અરજીઓની ચકાસણી માટે અલગથી કાઉન્ટર આવતી કાલથી કાર્યરત કરવામાં આવશે. જેના માટે અલગથી છાંયડાની વ્યવસ્થા તેમજ અરજદારો અને તેમના અભિભાવકો માટે પાણી તથા છાશની વ્યવસ્થા પણ અલગથી કરવામાં આવનાર છે. ઉપરાંત, શહેરી વિસ્તારના નાગરિકો માટે નોન-ક્રિમી લેયર અંગેના પ્રમાણપત્રો (ગુજરાત સરકાર માટે) મેળવવાની સુવિધા સબંધિત મામલતદાર કચેરી, રાજકોટ શહેર-પૂર્વ, પશ્ચિમ તથા દક્ષિણ ખાતે પણ ઉપલબ્ધ છે, જેની સંબંધિત અરજદારોને નોંધ લેવા યાદીમાં જણાવાયું છે.

## મધ્યસ્થ દર્શન સહ-અસ્તિત્વવાદ, એ. નાગરાજ જી દ્વારા પ્રતિપાદિત આત્મીય યુનિવર્સિટીમાં ૧ થી ૮ જુન સુધી જીવન વિદ્યા પરિચય શિબિરનો પ્રારંભ

### દિવ્યપથ સંસ્થાન, અમરકંટકનાં સોમદેવ ત્યાગીજી, આત્મિય યુનિવર્સિટી તેમજ CVMS ટીમના સભ્યો સમગ્ર શિબિરનું સંચાલન કરશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

'આત્મીય ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યૂશન' અને તેની સંલગ્ન સંસ્થાઓમાં મૂલ્ય આધારિત શિક્ષણ હમેશા કેન્દ્ર સ્થાને રહ્યું છે, અહિ વ્યાવસાયિક શિક્ષા સાથે વિદ્યાર્થીઓ મૂલ્ય શિક્ષા પણ પ્રાપ્ત કરી શકે એ હેતુથી જીવન વિદ્યા ની સમજ ૨૦14 થી તેઓને આપવામાં આવે છે તેમજ આત્મીય ઇન્સ્ટીટ્યુટમાં થતી જીવન વિદ્યાની શિબિરોને વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, સમાજના પ્રતિષ્ઠિત લોકો તેમજ આ જીવનવિદ્યા શિબિરનાં સંપર્કમાં આવેલા અસંખ્ય લોકો તરફથી સારો એવો પ્રતિસાદ મળતો આવ્યો છે.

જીવન વિદ્યા એ માનવજીવનના આધ્યાત્મિક, બૌદ્ધિક, સામાજિક, ભૌતિક એમ દરેક આયામોને સ્પર્શતું તત્વજ્ઞાન છે. જે વ્યવહારિક, તાર્કિક, ભાષા શૈલી દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે છે. જીવન વિદ્યા શિબિરમાં વ્યક્તિ, પરિવાર, રાષ્ટ્ર, આંતરરાષ્ટ્ર સહિતના મુદ્દાઓની ચર્ચાઓ થતી હોય છે. આ મુદ્દાઓ પ્રસ્તાવ ના માધ્યમથી લોકો સમક્ષ મુકવામાં આવે છે અને તેની વિષય વસ્તુ સાર્વભૌમિક હોવાથી શિબિરમાં ભાગ લેતા દરેક વર્ગને સરખી રીતે સ્વીકાર્ય બને છે. જીવન વિદ્યા શિબિર કોઈ ઉપદેશ કે વ્યાખ્યાનનો કાર્યક્રમ નહીં પરંતુ વસુધૈવ કુટુંબકમ ને સાકાર કરવા માટેનું એક પગથિયું છે.

જીવન વિદ્યા એ માનવથી લઈને સમગ્ર માનવજાતિ સુધી નિરંતર અને સુખપૂર્વક જીવવાનો પ્રસ્તાવ છે. મનુષ્ય પોતાના જીવનમાં કોઈ ગુણાત્મક પરિવર્તન પ્રાપ્ત કરી શકે, વ્યક્તિ, પરિવાર અને સમાજમાં શાંતિથી અને સંબંધ પૂર્વક જીવી શકે, સમાજમાં સામાજિક કે આર્થિક રૂપે નિર્ભયતા પ્રાપ્ત કરી શકે તેમજ આ બધા કારણોથી પ્રકૃતિમાં પણ સંતુલન સ્થપાય તે એકમાત્ર જીવન વિદ્યાનો ઉદ્દેશ્ય છે. તેમજ ચેતના વિકાસ મૂલ્ય શિક્ષા ના નામથી જીવનવિદ્યાના ભારતભરની શૈક્ષણિક સંસ્થાઓમાં ઘણા પ્રયોગ ચાલી છે.

આ શિબિર રાજકોટની આત્મીય યુનિવર્સિટીમાં યોજાવા જઇ રહી છે, ત્યારે દિવ્ય સંસ્થાન, અમરકંટક તરફથી શ્રી. સોમદેવ ત્યાગીજી આ શિબિરનું પ્રબોધન કરશે. તેઓ છેલ્લા બે દાયકાથી મધ્યસ્થ દર્શનનાં વિદ્યાર્થી અને સાધક છે. તેમણે સમગ્ર દેશમાં ૨૦૦ થી પણ વધારે ૭ દિવસીય શિબિર કરેલી છે. તેઓએ એન્જીનીયરીંગ નો અભ્યાસ કરેલ છે તેમજ TATA NELCO જેવી MNC કંપની સાથે કામ કરેલ છે. તેમજ આત્મિય યુનિવર્સિટી તરફથી CVMS Cell નાં સભ્યો આ સમગ્ર શિબિરનું સંચાલન કરશે.

આ શિબિરનો લાભ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોકટર, વકીલ, સી.એ. વગેરે બધા જ લઈ શકે છે તેમજ નવી એજ્યુકેશન પોલિસીમાં શિક્ષકોને ફેકલ્ટી ડેવલોપમેન્ટમાં પણ આ શિબિર ઘણી ઉપયોગી થઈ શકે છે તો તારીખ ૧ થી ૮ જૂન દરમિયાન આત્મીય યુનિવર્સિટીનાં સ્ટેપ ઓડીટોરીયમમાં જીવન વિદ્યા શિબિર નિઃશુલ્ક યોજવા જઈ રહી છે. જેનો સમય સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમિયાન રહેશે. આ શિબિરમાં જોડાવા ઇચ્છુક સહભાગીઓ વહેલી તકે ૮૪૬૦૦૧૩૭૮૫ / ૯૮૭૯૩૭૨૨૬૯ રજીસ્ટ્રેશન કરાવી લેશો અથવા આત્મીય યુનિવર્સિટી, CVMS ડિપાર્ટમેન્ટનો સંપર્ક પણ કરી શકો છો.

## વોટસન મ્યુઝિયમ દ્વારા "આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ"ની અનોખી ઉજવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર વિશ્વમાં ૧૮મી મે "આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ" તરીકે ઉજવાય છે, ત્યારે રાજકોટના વોટસન મ્યુઝિયમ દ્વારા આ દિવસની તા. ૧૮થી ૨૦ મે સુધી વિશેષ ઉજવણી કરાશે. જે નિમિત્તે શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત, મ્યુઝિયમ ખાતે સવારે ૯ કલાકે, લાઇવ પોર્ટ્રેટ ક્લબના કલાકારો દ્વારા લાઈવ સ્કેચના રસપ્રદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તૈયાર થયેલા સ્કેચ અને કલાકારોના અન્ય સ્કેચ, ચિત્રોનું પ્રદર્શન તા.૧૮મી મેથી ૨૦મી મે સુધી ગોઠવવામાં આવશે. આ ઉપરાંત આ દિવસો દરમિયાન મ્યુઝિયમની મુલાકાતે આવનારા મુલાકાતીઓને સાંજે ચાર કલાકે મ્યુઝિયમની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ દર્શાવવામાં આવશે. રાજકોટની કલાપ્રિય જનતાને આ કાર્યક્રમોનો લાભ લેવા મ્યુઝિયમ ક્યુરેટર એસ.એન. રામાનુજની યાદીમાં જણાવાયું છે.

## ચૂંટણી બાદ દોઢ મહિના પછી કલેકટરની અધ્યક્ષતામાં લેન્ડ ગ્રેબિંગની બેઠક યોજાઈ

### કમિટી દ્વારા ૧૦૦ કેસનો નિકાલ કરાયોઃ હાઈકોર્ટમાં ગયેલા અરજદારોના 30 કેસનો સમાવેશ કરી લેવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે દોઢ માસના લાંબા સમયગાળા બાદ જીલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠક યોજવામાં આવી હતી જેમાં ૧૦૦ જેટલા કેસોની સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને ૨ કૈસમાં ફરિયાદ ફરિ નોંધવાની કાર્યવાહી કરવા નિર્ણય કરવામાં આવ્યો હોવાનું તેમજ અન્ય કેસ ડ્રોપ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

લોકસભા ચૂંટણીને કારણે છેલ્લા દોઢેક મહિનાથી લેન્ડ ગ્રેબિંગ કમિટીની બેઠક ન મળી હોવાની સાથે લેન્ડગ્રેબીંગના કાયદાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જેમાં હાઈકોર્ટ દ્વારા આ કાયદાને મંજુરી આપી દેવાતા હવે હાઈકોર્ટમાં ગયેલા 30 જેટલા કેસ પણ શુક્રવારે મળેલી લેન્ડ ગ્રેબિગ કમિટીમાં લેવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, શુક્રવારે મળેલી લેન્ડ ગ્રેભિગ કમિટીની બેઠકમાં કુલ ૧૦૦ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી જેમાં બે કેસમાં ફરિયાદ નોંધવાની સાથે અન્ય કેસ ડ્રોપ કરવામાં આવ્યા હોવાનું તેમજ કેટલાક કેસોમાં સુલેહ થઈ હોવાનું પણ જાણવા મળે છે. શુક્રવારે યોજાયેલ બેઠકમાં શહેર પોલીસ કમિશનર, જીલ્લા પોલીસ વડા, પ્રાંત અધિકારીઓ, ડેપ્યુટી કલેકટરો સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

## જામનગર મહાનગરપાલિકાને એક માસમાં એડવાન્સ ટેકસની રૂા.૧૯.૩૬ કરોડની આવક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગર પાલિકા દ્વારા એડવાન્સ ટેક્સ ભરપાઈ કરનારા આસામીઓને વળતર આપવામાં આવી રહ્યું છે. આ યોજનાના છેલ્લા ૧૫ દિવસ બાકી રહ્યા છે. જેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. જામનગર મહાનગર પાલિકા દ્વારા તા.૧૭એપ્રિલથી દોઢ માસ માટેની એડવાન્સ ટેક્સ રિબેટ યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેને એક માસ પૂર્ણ થઈ ચૂક્યો છે. તા.૧૬ એપ્રિલથી તા.૧૫ મે-૨૦૨૪સુધીના એક માસના સમયગાળામાં ૩૦,૭૮૪ લોકોએ લાભ લીધો છે અને રૂ.૧૯.૭૬ કરોડની રકમ ભરપાઈ કરી છે. તથા રૂ.



૨.૧૪ કરોડનું વળતર પ્રાપ્ત કર્યું છે. હવે આ યોજનાના છેલ્લા ૧૫ દિવસ બાકી રહ્યા છે. આથી લોકો મિલકત વેરા અને પાણી ચાર્જની રકમ એડવાન્સ ભરીને આ યોજનાનો લાભ મેળવે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.વર્ષ ૨૦૦૬ પહેલા રેન્ટ બેઈઝ મુજબ મિલકતવેરા અને પાણી ચાર્જમાં ૧૦૦ ટકા અને ૨૦૦૬ પછી કારપેટ બેઈઝ મુજબ બાકી રકમ ઉપર ૫૦ ટકા વ્યાજ માફીની યોજના હાલ અમલમાં છે. આ માટેના પૈસા ભરવા મહાનગરપાલિકાના કચેરીના મુખ્ય કેશ કલેક્શન સેન્ટર, ત્રણેય સિવિક સેન્ટર (ગુલાબનગર, રણજીતનગર અને સરૂર્સેક્શન રોડ) શહેરની એચ.ડી.એફ.સી, કોટક, નવાનગર, આઈડીબીઆઈ બેંકની કોઈપણ શાખામાં પણ વેરો ભરપાઈ કરી શકાય છે. તેમજ મોબાઈલ ટેક્સ કલેક્શન વેન, અથવા ઓનલાઈન પણ વેરો ભરપાઈ કરી શકાય છે. તેમ આસી. કમિશનર (ટેક્સ) જીગ્નેશ નિર્મળ દ્વારા માં જણાવાયું છે.

## મોરબીમાં છ વર્ષ પહેલાં છરી વડે કરેલા જીવલેણ હુમલાના કેસમાં આરોપીને સાત વર્ષની સજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વર્ષ ૨૦૧૮માં વૃદ્ધ ઉપર પ્લોટ બાબતે માથાકૂટ કરી આરોપી દ્વારા છરી વડે હુમલો કરી હત્યાની કોશિશ કરવામાં આવેલ જે કેસ મોરબી નામદાર કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપીને સાત વર્ષની સખ્ત કેદ તથા રૂ.૫૦ હજારના દંડની સજા સંભળાવતો આદેશ કરાયો છે.

સમગ્ર કેસની વિગત મુજબ મોરબી સામાકાંઠા વિસ્તારમાં રહેતા નિવૃત કાનજીભાઈ કુંવરજીભાઇ બારેજીયા ઉવ.૭૦ પોતે ખરીદ કરેલ પ્લોટ બાબતે આરોપી બેચરભાઈ જગજીવનભાઇ



ચાઉએ માથાકૂટ કરી કહેલ કે આ પ્લોટ તેના સાળા ભરતભાઇનો છે તેમ કાનજીભાઉ બારેજીયાને બેફામ ગાળો આપી એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાના પેન્ટના નેફા રહેલ છરી વડે કાનજીભાઈને છાતીથી નીચે તથા હાથમાં આડેધડ જીવલેણ ઘા મારી બેચરભાઈ ચાઉ ત્યાંથી નાસી ગયેલ હતો.

કાનજીભાઈને મારી નાખવાના પ્રયાસમાં ઈજાગ્રસ્ત હાલતમાં તેઓને પ્રથમ મોરબી સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં રીફર કરાયા હતા જ્યાં તેઓની તબિયત સ્થિર થતા તેઓએ આરોપી બેચરભાઈ ચાઉ વિરુદ્ધ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની અટક કરી આરોપી સામે હત્યાની કોશિષ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી મોરબી નામદાર કોર્ટ હવાલે કર્યો હતો.

જે બાદ આ કેસ મોરબી બીજા એડિશનલ સેશન્સ જજ વિરાટ એ. બુદ્ધ સાહેબની કોર્ટમાં ચાલ્યો હતો. જેમાં સરકારી વકીલ સંજયભાઈ દવેની ધારદાર દલીલો બાદ મૌખિક ૧૨ અને દસ્તાવેજી ૨૩ પુરાવાઓને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી બેચરભાઈ ચાઉને હત્યાની કોશિષ કેસમાં તકસીરવાન ઠેરવી સાત વર્ષની સજા અને રૂ.૫૦ હજારનો દંડ ફટકરી દંડની રકમ વળતર રૂપે ફરિયાદીને ચૂકવવા આદેશ કર્યો છે.

# પૂર્વ મંત્રીના પુત્રએ રાજકોટના બુકીને માર્યો રૂા.૮૦ લાખનો ધુંબો...!



## આઈપીએલની મેચનાં સટ્ટામાં પૂર્વમંત્રીનો પુત્ર ૨૮ લાખ જીતી ગયો અને હજમ પણ કરી ગયો બાદમાં હારની રકમ ચૂક્વવાની આવી તો હાથ ઉંચા કર્યાઃ પૂર્વ મંત્રીએ મેદાનમાં આવીને ૮૦ લાખ ભૂલી જવા અથવા જોવા જેવી થશે બુકીને આપી ધમકી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ભારતમાં આઈપીએલની ક્રિકેટ મેચની સીઝન શરૂ થતા નાના મોટા ગજાના બુકીઓ પડમાં આવી સિસ્ટમ માં પોલીસના અનેક શહેરોમાં ક્રિકેટ સટ્ટાનો ધંધો પૂર જોશમાં શરૂ કરી દીધો હતો. આવ્યા બાદ અનેક બુકીઓ લાખો કરોડો કમાયા ત્યારે ધનપતિઓના નબીરા પણ લાખો કરોડોની માતબર રકમ સટામાં હારી ગયા હોય પરંતુ આ ગેરકાયદે ધંધામાં કોઈ ફરિયાદ કે આબરૂ જવાની બીકે મોઢા સીવી લેવાનું હારેલા લોકો વધુ પસંદ કરતા હોય છે.

રાજકોટના બુકીને જીતની રકમ હજમ કરી ગયા બાદ હારની રકમ રૂપિયા ૮૦ લાખ પૂર્વ મંત્રીનો પુત્ર નહીં આપી હાથ ઉંચા કર્યા ની ઘટના શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. આ ઘટનાની ઝીણવટ ભરી તપાસ કરતા સુત્રોમાંથી જાણવા મળ્યું હતું કે, આઈપીએલની સીઝન શરૂ થઈ ત્યાર થી જ શહેરના મોટા ગજાના બુકી સાથે કામ કરતો અને હાલમાં છુટો થઈ પોતાનું ક્રિકેટ સટાનું નેટવર્ક ચલાવતા એક રાજકોટના બુકીને કડવો એક ધંધામાં થયો હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટના એવી બની છે કે, આઈપીએલ ક્રિકેટ સટ્ટામાં રાજકોટના એક બુકીએ પૂર્વ મંત્રીના નબીરાને ક્રિકેટ સટ્ટાનું આઈડી આપ્યું હતું. જોસને જોસમાં આઈપીએલમાં કમાઈ લેવાના અભરખા સાથે બુકીઓ પાસેથી લાઈન (સોફટવેર મારફતે) અને આઈડી મારફતે ગ્રાહકો રમવાનું શરૂ કરતા હોય જેમાં સોમ ટુ સોમ વહિવટ કરવાનો હોય ત્યારે પૂર્વ મંત્રીના નબીરાએ આઈડીમાં ક્રિકેટ સટ્ટો રમવાનું છાના ખૂણે શરૂ કરી દીધુ હતું. સમય જતા નાની મોટી હાર જીત શરૂ થઈ હતી. થોડા દિવસ પહેલા જ પૂર્વ મંત્રીના નબીરાના નસીબ ઝગમગી રહયા હોય તેમ બુકી પાસેથી રૂપિયા ૨૮ લાખની જીત્યા હતા. ગેરકાયદે ક્રિકેટના ધંધામાં ઈમાનદારી પૂર્વક બુકીએ ૨૮ લાખનું ચૂક્વણું તાબડતોબ કરી આપ્યું.

પૂર્વ મંત્રીના નબીરાને જીતેલા પૈસા હજમ કરી ગયા બાદ તેણે રોંજીંદા ક્રમ પ્રમાણે સટાનું નેટવર્ક ચાલુ રાખ્યું સમય જતા બુકીને પણ જાણે કિસ્મતે સાથ આપ્યો હોય તેમ માત્ર સોમ ટુ સોમના ગાળામાં જ પૂર્વ મંત્રીનો નબીરો રૂપિયા ૮૦ લાખની માતબર રકમ હારી ગયો હતો. અને હારેલી રકમ ચૂક્વવાની હોય પરંતુ આવડી મોટી રકમ કેવી રીતના લાવવી તે પૂર્વ મંત્રીના નબીરા માટે ચિંતાનો વિષય બની ગયો હતો. આ સમય દરમિયાન પૂર્વ મંત્રીને પોતાના નબીરાના ક્રિકેટ સટ્ટાના કારસ્તાનની ખબર પડતા પોતે દબંગ રૂપ ધારણ કરી સામે વાળા બુકીને મળવા અને વહીવટ પતાવવા અમીન માર્ગ પર આવેલી એક નામાંકીત ઓફિસ પર ગયા હતા અને સાથે અનેક રાજકીય નેતાઓને સાથે રાખી આ વહીવટ પુરો કરવા ઓફિસ પર પહોંચ્યા ત્યારે બુકીને પૂર્વ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહયું હતું કે રૂપિયા ૮૦ લાખ ભૂલી જજે નહિંતર જોવા જેવી થશે. તેવી ગર્ભીત ધમકી આપી ત્યાંથી નિકળી ગયા હતા. આ ઘટના બાદ નામાંકીત બુકીના નેટવર્કમાંથી છુટા પડેલા આ બુકીની હાલત સાથે છછુંદર ગળ્યા જેવી બનવા પામી છે.

# પિતાએ બહેનના નામે મિલ્કત કરી દેતા વેપારીનો પોલીસ મથકના કમ્પાઉન્ડમાં આપઘાતનો પ્રયાસ

## હકક હીસ્સો મેળવવા યુવાને ત્રણ વર્ષથી તાલુકા પોલીસમાં ધકકા ખાતો હોય કોઈ નિવેડો નહિ આવતા પગલું ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલા તાલુકા પોલીસ મથકનાં કંપાઉન્ડમા જ કીચનવેરના વેપારીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી જવા પામી છે. ગુરૂપ્રસાદ ચોક પાસે રહેતાં યુવાનના પિતાએ વારસાઈ મિલકત બહેનના નામે કરી દીધી હોય જે બાબતે હક્ક હિસ્સો મેળવવા ત્રણ વર્ષથી પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા છતાં કોઈ નિવેડો ન આવતાં કંટાળી જઈ આજે પોલીસ સ્ટેશને રજૂઆત કર્યા બાદ કંપાઉન્ડમાં જેરી ટીકડા ખાઈ લેતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે તાલુકા પોલીસે હોસ્પિટલે દોડી જઈ નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.



જાણવા મળતી વિગત મુજબ ગુરુપ્રસાદ મેઈન રોડ પર હરસિધ્ધી ડેરી પાસે રહેતા કેયુર વિનોદભાઈ વેકરીયા (ઉ.૩૫) નામના પટેલ અરસામાં તાલુકા પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાં ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ લેતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં કેયુર બસ સ્ટેશન પાછળ ઓફિસ રાખી કીચનવેરનો હોલસેલનો વેપાર કરે છે. તેના પિતાએ વારસાઈ હક્ક હિસ્સો તેને આપ્યો ન હોય અને તમામ મિલકત તેની બહેનના નામે કરી દીધી હોય જેથી વારસાઈ હક્ક હિસ્સો મેળવવા માટે તે તાલુકા પોલીસ મથકમાં છેલ્લા ત્રણ વર્ષથી ધક્કા ખાઈ રહ્યો હોય આમ છતાં કોઈ નિવેડો આવતાં ન હોવાથી કંટાળી જઈ તેણે મરી જવાનું નક્કી કર્યું હતું અને હક્ક હિસ્સો તેની પત્ની અને છોકરીને આપી દેજો તેમ કહી તાલુકા પોલીસ મથકમાં રજૂઆત કર્યા બાદ કંપાઉન્ડમાં આવેલા પાર્કીંગમાં ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કરી લીધો હતો. જેથી તેને ૧૦૮ મારફત સારવાર ખસેડવામાં આવ્યો છે. તેને સંતાનમાં એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરના કારખાનામાં ચોરી કરવા ઘુસેલાં શખ્સોનો ચોકીદાર પર છરી વડે હુમલો

## સિક્યુરિટી ગાર્ડે પડકાર કરતા તસ્કરોએ હુમલો કર્યોઃ સારવારમાં રાજકોટ ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરના ખાંડાધાર વિસ્તારમાં આવેલા ડાઈંગના કારખાનામાં ચોરી કરવા આવેલા તસ્કરોને સિક્યુરિટી ગાર્ડે પડકારતાં તસ્કરોએ છરી વડે સિક્યુરિટી ગાર્ડ ઉપર હુમલો કરી દીધો હતો. ઘવાયેલા સિક્યુરિટી ગાર્ડને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ચોરી કરવા આવેલા તસ્કરો આ બનાવમાં સીસીટીવીમાં કેદ થયા હોય જેના આધારે પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુરના ખાંડાધાર વિસ્તારમાં રહેતા અંકીત ઘરમલાલ રાજપૂત (ઉ.૧૯) અને રોહિત નામનો સિક્યુરિટી ગાર્ડ જેતપુરનાં



કૌશર પીરની દરગાહ પાસે રાધાકૃષ્ણ ડાઈંગ નામના કારખાનામાં નોકરી પર હતાં ત્યારે બે તસ્કરો કારખાનામાં ચોરી કરવાના ઈરાદે ઘુસ્યા હતાં. અંકીતને તેની જાણ થઈ જતાં તસ્કરોને પડકાર્યા હતાં. જો કે આ બે શખ્સોમાંથી એક શખ્સ ત્યાંનો રફીક હોવાનું અંકીતને જાણવા મળતાં તેણે રફીકને કારખાનામાંથી બહાર નીકળી જવા કહ્યું હતું. પરંતુ રફીક અને તેના સાથીએ અંકીત સાથે ઝઘડો કરી છરી વડે તેના પર હુમલો કરી દીધો હતો. દેકારો થતાં રાધાકૃષ્ણ ડાઈંગ નામના કારખાનામાં નોકરી કરતો સાથી સિક્યુરિટી ગાર્ડ રોહિત ત્યાં દોડી આવ્યો હતો ત્યારે અંકીત ત્યાં લોહીલુહાણ હાલતમાં પડેલો હતો. રફીક અને તેનો સાથી ભાગવાની તૈયારીમાં હતો ત્યારે રોહિતે તેમને પકડવાનો પ્રયાસ કર્યો પરંતુ બન્ને શખ્સો અંકીત ઉપર હુમલો કરી ભાગી છુટયા હતાં. હુમલામાં ઘલાયેલા અંકીતને પ્રથમ જેતપૂર અને ત્યારબાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગે જેતપુર પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે. આ બનાવમાં પોલીસે રાધાકૃષ્ણ ડાઈંગ નામના કારખાનાના સીસીટીવી ફુટેજ ચેક કરતાં રફીક અને તેની સાથેનો એક શખ્સ ચોરી કરવા ઘુસ્યા હોવાનું સીસીટીવીમાં કેદ થયું હોય જેના આધારે બન્નેની પોલીસે શોધખોળ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ ઈજાગ્રસ્ત અંકીત ધીરજલાલ રાજપુત ત્રણ ભાઈ અને ત્રણ બહેનમાં નાનો છે તે છ મહિનાથી તેના બનેવી સાથે જેતપુરમાં રહે છે અને કારખાનામાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હોવાનું જાણવા મળ્યું છે.

# કરોડોના ખર્ચે બનેલાં નવા બસપોર્ટની લીફટમાં યુવાન ફસાયો

## વિજળી ગુલ થતાં લીફટ બંધ પડીને બીજા માળે યુવાન ફસાયોઃ ફાયરની ટીમ દ્વારે રેસ્કયુ કરીને બહાર કાઢવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનું એસટી બસ પોર્ટ સામાન્ય સુવિધાથી પણ વંચિત રહેતું હોવાની અનેક ઘટનાઓ સામે આવે છે. ત્યારે વધુ એક આવી ઘટનામાં એક યુવાન બસ પોર્ટના બીજા માળેથી નીચે ઉતરતો હતો ત્યારે અચાનક જ લાઇટ ગુલ થતા તે લિફ્ટમાં ફસાયો હતો. તે દરમિયાન તુરંત ફાયર વિભાગના સ્ટાફે યુવાનને રેસ્ક્યુ કરી બહાર કાઢ્યો હતો.

ફાયર વિભાગમાંથી મળતી વિગત મુજબ ૮૦ ફૂટ રોડ પર રહેતા દેવેન્દ્રભાઈ નામના ૩૯ વર્ષિય યુવાન સાંજના સમયે રાજકોટ એસટી બસ પોર્ટ પર બીજા





માળે આવેલા જૈન ભોજનાલયમાં જમવા માટે ગયા હતા. ત્યાંથી જમીને બસ પોર્ટની બહારની સાઈડની લિફ્ટમાંથી નીચે ઉતરી રહ્યા હતા ત્યારે અચાનક લાઈટ જતી રહેતા ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળ વચ્ચે લિફ્ટ રોકાઈ જતા યુવાન તેમાં જ ફસાયો હતો. ઘટનાની જાણ થતા બાજુમાંથી તુરંત જ ફાયર વિભાગનો સ્ટાફ તાબડતોડ બસ પોર્ટ ખાતે દોડી ગયો હતો. જ્યા ફાયર વિભાગના સ્ટાફે રેસ્ક્યુ કરી લિફ્ટમાં ફસાયેલા યુવકને હેમખેમ બહાર કાઢ્યો હતો. પરંતુ આ તમામ ઘટનાઓ ઘટવા છતા પણ બસ પોર્ટની દેખરેખ જેના હાથમાં છે તેના દ્વારા કોઈ પગલા લેવામાં ન આવતા મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કરોડોના ખર્ચે બનેલુ બસ પોર્ટ અને લાખોના ખર્ચે થતા તેના જતનમાં અનેક ક્ષતિઓ સામે આવી રહીં છે. લાઈટ જતા બસ પોર્ટમાં જનરેટરની વ્યવસ્થા સમયસર ન થતા યુવકને રેસ્ક્યુ કરવાનો વારો આવ્યો હતો. ત્યારે હવે આ ઘટના બાદ રાજકોટ એસટી વિભાગના અધિકારીઓ કોન્ટ્રાકટર કંપની પર પગલા લેશે કે કેમ તે સવાલ થઈ રહ્યો છે.

# રાજકોટની રિધ્ધિસિધ્ધિ સોસાયટીમાં મકાન ખાલી કરાવ્યાની શંકાએ દંપતી પર માતા–પુત્રનો હુમલો

## પોલીસ સ્ટેશને લઈ જતા આરોપીએ પોલીસની હાજરીમાં જ મહિલાને માર મારી ધમકી આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તા.૧૭ શહેરની ભાગોળે ગોંડલ ચોકડી પાસે રિદ્ધી સિદ્ધી સોસાયટીમાં ભાડે રહેતા દંપતિ ઉપર પૂર્વ ભાડુઆતે તારા કહેવાથી મને મકાન ખાલી કરાવ્યું કહી માતા–પુત્રએ હુમલો કર્યો હતો અને પોલીસ મથકે લઈ ગયા બાદ આરોપીએ પોલીસની હાજરીમાં મહિલાને ઢીકા મારી ગાડીનું લાયસન્સ આવવા દે, તને જાહેરમાં મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ હુમલામાં ઘવાયેલા દંપતિને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ ગોંડલ



રોડ પર સિદ્ધી રિદ્ધી સોસાયટી શેરી નં.૨માં ભાડાના મકાનમાં રહેતા રાજેશભાઈ ભગવાનજીભાઈ ગોહેલ (ઉ.વ.૩૩) અને તેના પત્ની ફાજલબેન (ઉ.વ.૩૦) આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે પાડોશમાં રહેતા મુક્તાબેન ધીરૂભાઈ અને તેના પુત્ર



પિયુષે લાકડાના ધોકા અને ઢીકાપાટુનો માર મારતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં ઇજાગ્રસ્ત દંપતીએ જણાવ્યા મુજબ આરોપીઓ અગાઉ તે મકાનમાં રહેતા હોય અને તેને મકાન માલીકે મકાન ખાલી કરાવ્યુ હોય જેથી તેઓએ આવી તમારા કહેવાથી મને મકાન ખાલી કરાવ્યું તેમ કહી મારમાર્યો હતો અને બદામાં ઘરની બહાર નીકળવા ન દેતા તેમણે પોલીસે કંટ્રોલમાં જાણ કરાતાં પીસીઆર વાને આવતા બંન્ને પક્ષને આજીડેમ પોલીસ મથકે લઈ જવાયા હતા. જ્યાં પોલીસ સ્ટેશનની અંદર જ આરોપીઓએ કાજલબેનને ઢીકા મારી મારી ગાડીનું લાયસન્સ આવવા દે, તને જાહેરમાં મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગવરીદળ ગામે શ્રમિક યુવાને ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી નાંખ્યુ

## ભાઈના લગ્નમાં બે દિવસ મોડુ આવવાનું પરિવારે કહેતાં યુવકને લાગી આવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનાં ગવરીદળ ગામે ખેત મજુરી કરતાં યુવકને વતનમાં નાના ભાઈના લગ્નમાં બે દિવસ મોડુ આવવાનું પરિવારે કહ્યું હતું અને પત્ની લગ્ન પ્રસંગ હોવાથી વતનમાં ચાલી ગઈ હતી. યુવકને લાગી આવતાં બાવળના ઝાડમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

મધ્યપ્રદેશના વતની અને હાલ રાજકોટની ભાગોળે આવેલા ગૌરીદળ ગામે ખેતમજુરી કરતાં પકેશકાળુભાઈ શિંગાળ નામનો ૨૫ વર્ષનો યુવાન



વાડીએ હતો ત્યારે રાત્રિના સમયે બાવળની ઝાડીમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી પરિવારમાં અરેરાટી સાથે કરૂણકલ્પાંત સર્જાયો હતો. ઘટના અંગે જાણ થતાં કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયો હતો અને યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, મુળ પ્રાથમિક પુછપરછમાં મૃતક પકેશ શિંગાળ છ ભાઈ ચાર બહેનમાં વચેટ હતો અને તેને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. મધ્યપ્રદેશમાં રહેતા નાના ભાઈના બે દિવસ બાદ લગ્ન છે પત્ની સુરબાઈબેન વતનમાં દિયરના લગ્નમાં ચાલી ગઈ હતી અને રાત્રિના પિતા સાથે ફોનમાં વાત થતાં પિતાએ લગ્નમાં બે દિવસ મોડુ આવવાનું કહેતા યુવકને લાગી આવતાં ગળેફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

# સમરસ હોસ્ટેલમાં MBAના વિદ્યાર્થીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સમરસ હોસ્ટેલમાં રહેતા અને એમ.બી.એ.નો અભ્યાસ કરતા જૂનાગઢના છાત્રએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાની ઘટના પોલીસ મથકમાં નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ એક દિવસ પહેલા જ જૂનાગઢની યુવતિએ આપઘાત કર્યો હતો ત્યારે હવે મૂળ જૂનાગઢમાં ગણેશનગરમાં રહેતા અને છેલ્લા અઢી વર્ષથી રાજકોટમાં સમરસ હોસ્ટેલમાં રહી ખાનગી કોલેજમાં એમ.બી.એ.નો અભ્યાસ કરતા મહેશ કાંતિલાલ શેખવા ઉ.૨૩એ હોસ્ટેલના રૂમ નં.૨૦૫માં હતો ત્યારે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. યુનિવર્સિટી પોલીસ મથકમાં જાણ થતા તુરંત છાત્રના મૃતદેહને ઉતારી પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતકના પિતા મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હોય અને છાત્ર બે ભાઈ એક બહેનમાં મોટો હોવાનું પોલીસની તપાસમાં જાણવા મળ્યુ હતું. પોલીસે ઘટનાની નોંધ કરી વિદ્યાર્થીએ ક્યા કારણોસર આપઘાત કર્યો તે અંગે તપાસ હાથધરી છે.

# પતિના અવસાન બાદ વિમાની એક કરોડની રકમ સાસુ–સસરાએ ઓળવી જતાં પુત્રવધુએ કરી ફરિયાદ

## મકાન પડાવી લીધા બાદ સમાજના આગેવાનોએ મધ્યસ્થી કરતા સાસુ–સસરાએ ૯૧ લાખ સંયુકત ખાતામાં જમા કરાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આવેલ સાંનિધ્ય એપાર્ટમેન્ટમાં રહેતા કેયુરીબેન ડઢાણીયાએ સાસુ–સસરા સામે માનસિક ત્રાસ આપી પતિના મૃત્યુ બાદ આવેલ વિમાની રકમ પોતાના નામે એફડી કરી નાખી હતી. સમાજના આગેવાનોના ફોન બાદ શરમમાં આવી ૯૧ લાખની રકમ સંયુક્ત ખાતામાં જમા કરાવી છે. પરતું અમદાવાદના મકાનનો દસ્તાવેજ પૂત્રવધુને ફોસલાવી કરાવી લીધા બાદ પૌત્રી અને કરીયાવરમાં લાવેલા ઘરેણા સહિતની ચીજવસ્તું ઓળવી ગયાની ફરિયાદ પોલીસ મથકમાં નોધાવવામાં આવી છે.

ફરીયાદમાં જણાવ્યુ હતું કે મારા લગ્ન ૧૦ વર્ષ પુર્વે જુનાગઢ નિવાસી રવિભાઈ ગુલાબદાસ ડઢાણીયા સાથે લગ્ન થયા હતા. ગત.તા.૧૩/૧૦/૨૦માં મારા પતિ રવિનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. પતિના વિમાના પૈસા આવેલા અને તેની પ્રોસીઝર પુરી ના થઈ ત્યાં સુધી સારી રીતે રાખેલ બાદમાં પતિના પૈસા સાસુના ખાતામાં જમાં થતાં માનસિક ત્રાસ આપવાનું શરૂ કરી દીધેલ.

પતિએ કાર અકસ્માતમાં મુત્યુ પામેલ જેથી તેમની વિમા રકમ ૧ કરોડની હતી. વારસદારમાં તરીકે મારૂ નામ હતું. જેથી ટર્મ પ્લાનનો વિમો માર્ચમાં મંજુર થતા સસરાએ અગાઉ વિશ્વાસમાં લઈ સંયુકત ખાતુ ખોલાવી અને ૧ કરોડની રકમ તેમાં જમા કરાવેલ બાદમાં બીજા બે વિમાની રકમ રૂ.૨ લાખ સસરાના ખાતામાં જમા થયેલ હતી. આમ કુલ ૧.૦૫ કરોડની રકમ સાસુ–સસરાના નામે કરાવી લીધી હતી. બાદમાં સમાજના આગેવાનોના ફોન આવતા શરમથી બન્નેએ ૯૧ લાખની રકમ સંયુક્ત ખાતામાં જમા કરાવી છે.જો કે વિશ્વાસમાં લઈ અમદાવાદના મકાનનો દસ્તાવેજ કેયુરીબેન પાસેથી કરાવી લીધો હતો. બાદમાં પૌત્રીના લીધેલ દાગીના તેમજ કરીયાવરમાં તેણી લઈ આવેલ દાગીના સાસરીયાઓએ ઓળવી ગયાની ફરિયાદ મહિલા પોલીસ મથકમાં કરવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# યાજ્ઞિક રોડ પર અજય એપાર્ટમેન્ટના ત્રીજા માળેથી યુવાને લગાવી છલાંગઃ ગંભીર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં સદર બજાર વિસ્તારમાં આવેલા ખાટકીવાસમાં રહેતો યુવાન ડો. યાજ્ઞિક રોડ ઉપર આવેલા અજય એપાર્ટમેન્ટમાં હતો ત્યારે મગજ ભમતા ત્રીજા માળેથી છલાંગ લગાવી દીધી હતી. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ સદર બજારમાં આવેલા ખાટકીવાસમાં રહેતા મકસુદ અબ્બાસભાઈ કટારીયા નામનો ૨૭ વર્ષનો યુવાન બપોરના બેએક વાગ્યાના અરસામાં ડો. યાજ્ઞિક રોડ ઉપર આવેલ અજય એપાર્ટમેન્ટમાં હતો ત્યારે ત્રીજા માળેથી કૂદકો માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં મકસુદ કટારીયાએ મગજ ભમતા ત્રીજા માળેથી છલાંગ લગાવી હોવાનું જાણવા મળ્યું છે.

# રિલાયન્સ મોલ પાસે ડમ્પર અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા ટ્રાફિક જામ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા છેલ્લા કેટલાક સમયથી સાથે કથળી ગઈ હોય તેમ એક પછી એક બેદરકારી સામે આવી રહી છે. ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ભારે વાહનના નો એન્ટ્રીના પોલીસ કમિશનરના જાહેરનામાની મૂક્તિ સમય મર્યાદામાં વધુ ને વધુ ફેરા કરવાની ઉતાવળમાં ડેમ્પર રિલાયન્સ મોળ પાસે કાર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના કારણે ૧૫૦ ફુટ રીંગ રોડ પર ટ્રાફિક જામ બંને વાહન ચાલકોએ ખર્ચ અંગે સમજૂતિ કરી પોલીસ ફરિયાદ નોંધવાનું માંડી વાળ્યું હતું. ટ્રાફિક કિલપ કરાવવા પહોંચેલા ટ્રાફિક બ્રાન્યના સ્ટાફે અકસ્માત સર્જના ડમ્પરને નંબર પ્લોટ ન હોવા છતાં કોઈ કાર્યવાહી ન કરી આશ્ચર્ય સર્જ્યું છે.